RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 150* Date: 29.03.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાજ્યમાં કોરોના રોગી લોકલ ટ્રાન્સમિશન પ્રક્રિયા શરૂ થઇ: આરોગ્ય સચિવનો ધડાકો

# ગુજરાત ચેતે: ૫ એપ્રિલ સુધી કોરોનાના કેસ વધશે

*ગાંધીનગર,તા.૨૮*

દેશમાં ફેલાયેલી મહામારી કોરોના વાઇરસ રોગચાળાના પોઝીટીવ કેસોની સંખ્યા અન્ય કેટલાક રાજ્યોની જેમ ગુજરાતમાં પણ ચિંતાજનક રીતે વધી રહી હોય તેમ આજે વધુ ૬ પોઝીટીવ કેસો બહાર આવતાં રાજ્યમાં કોરોનાના પોઝીટીવ કેસોની સંખ્યા ૫૦ને પાર કરીને ૫૩ પર પહોંચી ગઇ છે. અને ગુજરાતમાં લોકલ ટ્રાન્સમિશનની એટલે કે ઝડપથી રોગ ફેલાવવાની પ્રક્રિયા અને રાજ્યમાં ઈક્યુબેશન પરિયડ્સ ચાલુ હોવાથી કોરોના પોઝિટિવ કેસમાં વધારો થઇ શકે છે. આગામી ૫ એપ્રિલ સુધી કેસમાં વધારો થાય તેવી સંભાવના છે. હાલ રાજ્યમાં લોકલ ટ્રાન્સમિશન કેસો વધ્યા છે. જે તબીબોના મતે ત્રીજા તબક્કામાં ખૂબ જ ખતરનાક કહી સકાય.

દરમ્યાનમાં આજે ગુજરાતમાં કોરોના વાયરસથી વધુ એક મહિલાનું મોત નિપજ્યું છે. જે એસવીપી હોસ્પિટલમાં દાખલ હતી. મહિલા ડાયાબિટીસ અને બ્લડ પ્રેસરથી પીડિત હતી. કોરોના વાઈરસથી અમદાવાદમાં મૃત્યુ આંક ૨ થયો છે જયારે રાજયમાં કોરોનાના કારણે મોતનો આંક ૪ પર પહોંચ્યો છે.

ગુજરાતના આરોગ્ય સચિવ જયંતી રવિએ આજે પત્રાકાર પરિષદમાં ગુજરાતમાં કોરોનીની તાજા સ્થિતિ અંગેની માહિતી આપતાં ગુજરાતના લોકોને ફરીથી સાવચેત કર્યા હતા અને આ રોગા ચેપથી બચવા લોકડાઉનના સમયગાળામાં ઘરમાં જ રહેવાની ભારપૂર્વકની ચેતવણી આપી તેમનું કહેવું છે કે, રાજયના તમામ નાગરિકોએ લોકડાઉનનો વ્યવસ્થિત અને સંપૂર્ણ અમલ કરવાની ખાસ જરૂર છે. બહુ જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળવાનું રાખો. ગુજરાતમાં આજથી ઈક્યુબેશન પીરિયડ્સ ચાલુ હોવાથી કેસ વધવાની પુરી શક્યતા છે. દરમ્યાન, મધ્ય ગુજરાતના આણંદ જિલ્લામાં કલમ ૧૪૪ ના ભંગ અંગેની ૧૩૫ ફરિયાદ નોંધાઇ છે તો, પોલીસે ૧૯૫ લોકોની ધરપકડ કરી છે. એક ચિંતાજનક બનાવમાં જીવતા બોંબ સમાન રાજકોટમાં કોરોનાને કારણે ક્વોરોન્ટાઇન કરાયેલી એટલે કે અલગ રખાયેલી એક યુવતી ભાગી જતા તેની ફરિયાદ થઇ છે. આ યુવતી જેના સંપર્કમાં આવે તેને પણ કોરોના થવાની શકયતા છે.

તેમણે રાજ્યમાં ઈક્યુબેશન પરિયડ્સ(ખતરનાક તબક્કો) ચાલુ હોવાથી કોરોના પોઝિટિવ કેસમાં વધારો થઇ શકે છે. આગામી ૫ એપ્રિલ સુધી કેસમાં વધારો થાય તેવી સંભાવના છે. હાલ રાજયમાં લોકલ ટ્રાન્સમિશન વધ્યા છે. આમ ખુદ સરકાર જ જયારે કહી રહી છે



કે ૫ એપ્રિસ સુધી કેસો વધવાની શક્યતા છે ત્યારે સરકારે તો સજાગતા રાખીને હોસ્પિટલોમાં તેની તૈયારીઓ રાખી છે. તેમ છતાં લોકોએ લોકડાઉનનો અમલ કરીને ઘરની બહાર નિકળવાનું ટાળવુ જોઈએ., એમ પણ સરકારી સૂત્રોએ કહ્યું હતું.

જયંતિ રવિએ એમ પણ કહ્યું કે, હજુ ૫ એપ્રિલ સુધી કેસ વધવાની પુરી સંભાવના છે. ત્યારે હાલમાં ૯૯૩ સેમ્પલમાંથી ૯૩૮ નેગેટિવ આવ્યા છે જે એક સારા સમાચાર પણ છે ગુજરાતમાં ૮૦૦૦થી વધુ વેન્ટિલેટર્સ હાલ ઉપલબ્ધ છે. તેમજ ગુજરાતમાં N95 માસ્કની અછત નથી.

ગુજરાત બહારથી આવેલા લોકો અંગે તેમણે કહ્યું કે, ૨૨ તારીખીથી ફલાઇટ બંધ છે પરંતુ એ પહેલા ઘણા લોકો ગુજરાતમાં આવ્યા હતા. તેથી આગામી ૧૦-૧૪ દિવસમાં કેસમાં વધારો થઇ શકે છે. હાલ કુલ ૧૯,૩૪૦ લોકો ક્વોરોન્ટાઇનમાં છે અને ક્વોરોન્ટાઇનનો સમય પૂરો થવાથી આ સંખ્યા ઘટશે. જોકે સરકારી ક્વોરોન્ટાઇનના કેસોમાં વધારો થયો છે. ૬૫૭ લોકોને સરકારી ક્વોરોન્ટાઇનમાં રાખવા પડ્યા છે.ગુજરાત રાજ્યમાં વધુ ૬ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓની કુલ સંખ્યા ૫૩ પહોંચી ગઇ છે. જ્યારે કોરોનાના કારણે અત્યાર સુધીમાં કુલ ૩ લોકોના મોત નીપજ્યાં છે. આરોગ્ય અગ્ર સચિવે આ અંગે માહિતી આપતા જણાવ્યું છેકે. અમદાવાદમાં ૩, વડોદરા, ગાંધીનગર અને મહેસાણા ૧-૧ નવા કેસ નોંધાયા છે. સૌથી વધુ કેસ અમદાવાદમાં છે. અમદાવાદમાં ૧૮, વડોદરામાં ૯, રાજકોટમાં ૮, ગાંધીનગરમાં ૮, સુરત ૭ જ્યારે કચ્છ, ભાવનગર અને મહેસાણામાં ૧-૧ કેસ નોંધાયા છે.

### કેરલમાં વાયરસથી પ્રથમ મોત,સૌથી વધુ પોઝિટિવ કેસો મહારાષ્ટ્રમાં ૧૮૦

# કોરાનાનો ડર: દેશમાં ૨૦ના મોત,પોઝિટિવ કેસ ૯૦૦ને પાર

ન્યુ દિલ્હી, તા.૨૮

દેશમાં નોવલ કોરોના વાયરસથી કેરળમાં સૌપ્રથમ મૃત્યુ થયું છે. કેરળના ૬૯ વર્ષના વૃદ્ધે કોરોના વાયરસને પગલે દમ તોડ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ અત્યાર સુધીમાં દેશમાં કોરોના સંક્રમિત લોકોનો આંકડો ૯૦૦ થયો છે. મહારાષ્ટ્રમાં કુલ ૧૮૦ દર્દીઓ કોરોના પોઝિટિવ છે જે દેશમાં તમામ રાજ્યોની તુલનાએ સૌથી વધુ છે.રેલવેએ ટ્રેનના ડબ્બાને જ આઈસોલેશન કોચના રૂપમાં બદલવાનું શરૂ કરી દીધું છે. જેમાં ૬ બર્થ વાળા ભાગમાંથી એક બાજુમાંથી મિડિલ બર્થ અને સામે વાળા ત્રણેય બર્થ કાઢી દેવાયા છે. આના એક ભાગમાં એક દર્દીને રાખવામાં આવશે. આનાથી દરેક દર્દી વચ્ચે પૂરતું અંતર રહેશે. સીડીઓ પમ હટાવી દેવાઈ છે અને બાથરૂમ વાળા ભાગમાં પણ



ફેરફાર કરવામાં આવ્યો છે.

કેરળમાં થયેલા મોતને પગલે કોરોનાથી મૃત્યુઆંક ૨૦ પર પહોંચી ગયો છે. કોરોના વાયરસના કારણે કેરલમાં એક દિવસમાં ૩૯ કેસ સામે આવ્યા છે. જેમાં કાસરગોડ જિલ્લામાં ૩૪ નવા કેસ આવ્યા છે. જ્યારે ત્રિસુર અને કોઝિકુડમાં એક એક જયારે કાસરગોડમાં ૨ નવા મામલા સામે આવ્યા છે. આમ આવી રીતે રાજયમાં કોરોના પીડિતની સંખ્યા ૧૬૪ થઈ છે. જે વચ્ચે રાજયમાં કોરોના દર્દીનું પ્રથમ મૃત્યુ થયુ છે. ઉલ્લેખનીય છે કે, કેરલ રાજયમાં ૧ લાખથી પણ વધારે લોકોને પોતાના ઘરમાં ક્વારન્ટાઈન કરાઈ રહ્યા છે. જે વચ્ચે આજે એક વ્યક્તિનું મોત થતા સરકારની ચિંતામાં વધારો થયો છે.

મહારાષ્ટ્રમાં પાંચ, ગુજરાતમાં ત્રણ, કર્ણાટકમાં બે, મધ્ય પ્રદેશમાંબે સહિત તમિલનાડુ, બિહાર, પંજાબ, દિલ્હી, પશ્ચિમ બંગાળ, જમ્મુ અને કાશ્મીર તેમજ હિમાચલ પ્રદેશમાં એક-એક દર્દીના મોત થયા છે. સરકારી ડેટા મુજબ દેશમાં સક્રિય કોરોના કેસનો આંક ૯૦૦ પર પહોંચી ગયો છે. ૭૮ લોકોનું નિદાન થયું છે અથવા તેમને રજા અપાઈ છે તેમજ એક કેસ સ્થળાંતરિત થયો છે. ૯૦૦ કેસમાં ૪૭ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે.મહારાષ્ટ્ર બાદ કેરળ ૧૭૩ કોરોના કેસ સાથે બીજું સૌથી વધુ પ્રભાવિત રાજ્ય છે. જ્યાં આઠ વિદેશી નાગરિકોને કોરોના હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું. કર્ણાટકમાં ૫૫, તેલંગાણામાં ૪૮ કેસ છે. જ્યારે રાજસ્થાનમાં કેસની સંખ્યા ૪૮ છે જેમાં બે વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ૫૩ કેસ પોઝિટિવ છે. ૨૪ કલાકમાં રાજયમાં નવ નવા કેસ સામે આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં ૪૫ કેસ તેમજ દિલ્હીમાં એક વિદેશી નાગરિક સહિત ૩૯ કેસ નોંધાયા છે.

પંજાબમાં કોવિડ ૧૯ના ૩૮ કેસ થયા છે જયારે હરિયાણામાં ૧૪ વિદેશીઓ સહિત ૩૩ કેસ થયા છે. તમિલનાડુમાં ૩૮, મધ્યપ્રદેશમાં ૩૦, જમ્મુ અને કાશ્મીરમાં ૧૮, પશ્ચિમ બંગાળમાં ૧૫, આંધ્ર પ્રદેશમાં ૧૪ અને લદ્દાખમાં ૧૩ કેસ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ બિહારમાં નવ કેસ, ચંદીગઢમાં સાત, છત્તીસગઢમાં છ, ઉત્તરાખંડમાં એક વિદેશી સહિત પાંચ કેસ સામે આવ્યા છે. હિમાચલ અને ઓડિશામાં ત્રણ-ત્રણ કેસ છે.

મજૂર પગપાળા જ પોતાના પરિવાર સાથે વતન પાછા ફરી રહ્યા છે. આ કેસને લઈને સુપ્રીમ કોર્ટમાં જનહિત અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં માગ કરવામાં આવી છે કે કોર્ટ વહીવટીતંત્રને આદેશ આપે કે આ લોકોને દરેક જગ્યાએ શેલ્ટર હોમમાં રાખીને તમામ સુવિધાઓ આપવામાં આવે.

### સંક્રમિતોની સંખ્યા ૧ લાખને પાર,વિશ્વમાં સૌથી વધુ અમેરિકામાં

# કોરોનાથી અમેરિકામાં હાહાકાર, એક જ દિવસમાં ૩૪૫ મોત, ૧૮ હજાર નવા કેસ

વોશિંગ્ટન, તા.૨૮

કોરોના વાઈરસે ઈટલી અને સ્પેનમાં કહેર મચાવ્યા બાદ હવે અમેરિકામાં વિનાશક બની ગયો છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસની ચપેટમાં આવીને ૩૪૫ લોકોના મોત નીપજ્યા છે જ્યારે અહીં ૧૮૦૦૦ નવા કેસ સામે આવ્યા છે. અમેરિકામાં દર મિનિટે લગભગ ૧૩ કોરોનાના નવા દર્દી સામે આવી રહ્યા છે.

અમેરિકામાં કોરોના સંક્રમિત કુલ દર્દીઓની સંખ્યા ૧૦૦૦૦૦ને પાર કરી ગઈ છે. અમેરિકાએ કોરોના કેસમાં ચીન, ઈટલી અને સ્પેનને પાછળ છોડી દીધા છે.

જહોન હૉપકિંસ યુનિવર્સિટીનો જ ટ્રેકર જણાવે છે કે અમેરિકામાં હવે દુનિયાના સૌથી વધારે દર્દી છે. આ ટ્રેકર અનુસાર અમેરિકામાં તાજેતરના આંકડા અનુસાર ૧,૦૪,૦૦૭ કોરોનાના દર્દી છે જયારે અહીં અત્યાર સુધી ૧૬૯૩ લોકોના મોત થઈ ચૂક્યા છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ફેડરલ (આંતરિક બાબતોમાં સ્વતંત્ર) અધિકારી વાયરસના સંક્રમણના આધારે કાઉન્ટિઓ (તાલુકા કે વહીવટી વિભાગ)ને શ્રેણીબદ્ધ કરવા માટે નવી માર્ગદર્શિકા તૈયાર કરી રહ્યા છે. જેના કારણે કોરોનાને ખતરાને પગલે રાષ્ટ્રવ્યાપી આદેશોમાં છૂટ આપી શકાય.

રાજ્યોના ગવર્નરોને પત્ર લખીને ટ્રમ્પે કહ્યું છે કે નવા આદેશોથી રાજયનો સ્થાનિક નેતાઓને સામાજિક મેળાવડાથી દૂર રહેવા તેમજ અન્ય ઉપાયોને કાયમ રાખવા તેમને વધારવા કે છૂટ આપવાના અધિકારો મળશે. રાજ્ય તેમજ નગર પાલિકાઓ પાસે જરૂર લાગે ત્યારે પ્રતિબંધ લગાવવાનો અધિકાર હશે .ઈટાલીના ડોક્ટર એસોશિયેશને શુક્રવાર સાંજે જણાવ્યું હતું કે કોરોનાથી સંક્રમિત થયા બાદ અત્યાર સુધીમાં ૫૧ ડોક્ટર્સના મોત થયા છે. રિપોર્ટ અનુસાર ગુરૂવારથી શુક્રવાર દરમિયાન ઈટાલીમાં ૯૬૯ લોકોના મોત થયા. કુલ મોતનો આંકડો ૯૧૩૪ થઇ ચુક્યો છે. સંક્રમણના કુલ કેસ અને મૃત્યુઆંકની દ્રષ્ટિએ ચીન અમેરિકા, ઈટાલી બાદ ત્રીજા ક્રમ પર છે. સ્પેનમાં પણ વધુ ૫૬૯ મોત થતા કુલ મૃત્યુઆંક ૪,૯૩૪ થયો છે. સ્પેનમાં આજે ૬,૨૭૩ નવા કેસ નોંધાયા છે અને કુલ મૃત્યુ આંક ૫૬૯ વધીને ૪,૯૩૪ થયો છે.

# કોરોના સામે લડવા અમેરિકાની ભારતને ૨૯ લાખ ડોલરની સહાય

વોશિંગ્ટન/ન્યુ દિલ્હી, તા.૨૮

કોરોના વાઈરસ સામેની લડાઈ: અમેરિકાએ ભારત માટે ૨૯ લાખ ડોલરની નાણાકીય સહાય જાહેર કરી. અન્ય દેશોને ૧૭ કરોડ ૪૦ ડોલરની સહાયતા કરશે.ભયાનક કોરોના વાઈરસ સામે લડવા માટે અમેરિકાએ દુનિયાના ઘણા દેશોને પોતાના તરફથી નાણાકીય સહાય જાહેર કરી છે. ભારતને એ ૨૯ લાખ ડોલરની સહાય કરશે.

કુલ ૬૪ દેશો માટે અમેરિકાએ ૧૭ કરોડ ૪૦ લાખ ડોલરની સહાયતા જાહેર કરી છે. અમેરિકાએ ગયા ફેબ્રુઆરીએ જાહેર કરેલી ૧૦ કરોડ ડોલરની સહાયતાની ઉપરાંતની આ સહાયતા છે. જે દેશો કોરોના વાઈરસ રોગચાળાના સૌથી વધારે જોખમમાં મૂકાઈ ગયા છે ખાસ એમને માટે આ ભંડોળ છે.

અમેરિકી વિદેશ મંત્રાલયે કહ્યું છે કે લેબોરેટરી સિસ્ટમ્સ તૈયાર કરવા, કોરોનાનાં કેસ શોધવા માટેની તપાસ યંત્રણાને એક્ટિવેટ કરવા તથા પ્રતિસાદ અને સજ્જતા માટે સપોર્ટ ટેકનિકલ નિષ્ણાતો પૂરા પાડવા માટે ભારત સરકારને મદદરૂપ થવા માટે અમેરિકા ૨૯ લાખ ડોલર પૂરા પાડશે.

અમેરિકાએ કોરોના વાઈરસ સામે લડવા માટે શ્રીલંકાને ૧૩ લાખ ડોલર, નેપાળને ૧૮ લાખ ડોલર, બાંગ્લાદેશને ૩૪ લાખ ડોલર અને અફઘાનિસ્તાનને ૫૦ લાખ ડોલરની સહાયતા જાહેર કરી છે.

યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના નાયબ વહીવટકાર બોની ગ્લિકે કહ્યું કે છેલ્લા અનેક દાયકાઓથી અમેરિકા દુનિયાના દેશોને જાહેર આરોગ્યની સંભાળ લેવા માટે આર્થિક મદદ કરતું આવ્યું છે. આમ કરીને અમેરિકાએ અનેક લોકોનાં જાન બચાવ્યા છે, અનેક લોકોને રક્ષણ પૂરું પાડ્યું છે, આરોગ્ય સંસ્થાઓનું નિર્માણ કરાવ્યું છે અને સમાજો તથા દેશોની સ્થિરતા જાળવવામાં મદદ કરી છે.

### ચીન પાસે સુરક્ષા સમિતિની અધ્યક્ષતા છે, જે ૩૧ માર્ચે પૂર્ણ થશે

# કોરોના મહામારી પર યુએન સમિતિમાં અત્યાર સુધી એક પણ બેઠક નથી થઈ

ન્યૂયોર્ક, તા.૨૮

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં વિશ્વભરમાં ઝડપથી ફેલાઇ રહેલા કોરોના મહામારી પર ચર્ચા કરવા માટે અત્યાર સુધી કોઇ બેઠક નક્કી કરવામાં આવી નથી. બીજી તરફ વિશ્વસ્તરે કોરોના મહામારીના પાંચ લાખથી વધુ કેસ સામે આવી ચૂક્યા છે અને ૨૪ હજારથી વધુ લોકો માર્યા ગયા છે.

રસપ્રદ બાબત એ છે કે વર્તમાન સમયમાં સુરક્ષા પરિષદની અધ્યક્ષતા ચીન કરી રહ્યુ છે. અત્યાર સુધી વિશ્વસ્તરે સંયુક્ત રાષ્ટ્રના ૭૮ કર્મચારીઓ પણ કોરોના વાયરસના લપેટામાં આવી ચૂક્યા છે.

ચીનની ૧૫ દેશોની પરિષદની અધ્યક્ષાતા ૩૧ માર્ચે સમાપ્ત થાય છે અને કોરોના વાયરસ મહામારી પર ચર્ચા કરવા માટે સુરક્ષા સમિતિની કાર્યસૂચીમાં કોઇ બેઠક સામેલ નથી. સુરક્ષા સમિતિએ સંયુક્ત રાષ્ટ્રમાં ચીનના રાજદૂતના નેતૃત્વમાં યોજાયેલી વીડિયો કોન્ફરન્સ કરી અને લીબિયામાં સહયોગ મિશન પર ચર્ચા કરી. બેઠક પછી સંયુક્ત રાષ્ટ્રએ ચીની મિશન દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં જણાવ્યુ કે સમિતિના સભ્યોએ લીબિયામાંમ કોરોના વાયરસ મહામારી પર સંભવિત પ્રભાવો પર ચિંતા જાહેર કરી અને તાત્કાલિક પગલા લેવા અપીલ કરી હતી. આ સમગ્ર નિવેદનમાં કોરોના જેવી મહામારી વિશે માત્ર આ જ વર્ણન કરાયુ હતું.

### ઈટાલી,સ્પેન,ફ્રાન્સમાં જ ૧૬ હજારથી વધુ લોકો મોતને ભેટ્યા

# કોરોના: વિશ્વમાં ૨૭ હજારથી વધુ લોકોના મોત: ૬૭ લાખથી વધુ લોકો સંક્રમિત

રોમ/મેડ્રિડ, તા.૨૮

કોરોના વાઈરસે વિશ્વભરના મોટાભાગના દેશોને ભરડામાં લીધા છે. વિશ્વભરમાં અત્યાર સુધીમાં પોઝિટિવ કેસની સંખ્યા ૬૭ લાખે પહોંચી ગઈ છે.તેમાં ત્રણ લાખથી વધારે કેસ યુરોપમાં છે. વિશ્વભરમાં મૃત્યાઆંક ૨૭૩૬૫ થયો છે. અત્યાર સુધીમાં ૧ લાખ ૩૩ હજાર ૩૦૦ લોકને સારવાર પછી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. અમેરિકાની અંદર કોરોના વાઈરસના ૧ લાખ ૪ હજાર ૨૦૫ કેસ નોંધાયા છે. અહીં મૃત્યુઆંક ૧૭૦૦થી વધી ગયા છે. ઈટાલીમાં ૮૬૪૯૮ કેસ નોંધાયા છે. અહી મૃત્યુઆંક ૯૧૩૪ થયો છે. અમેરિકાએ કોરોના વાઈરસ પ્રભાવિત દેશોને આ મહામારી સામે લડવા માટે ૧૭૪ મિલિયન ડોલરની સહાય કરવાની જાહેરાત કરી છે. આ અંતર્ગત ભારતને ૨.૯ મિલિયન ડોલર (૨૧.૭ કરોડ રૂપિયા)ની મદદ આપવામાં આવશે. બીજી તરફ ઈટાલી, સ્પેન અને ફ્રાન્સમાં ૧૬૨૬૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ આંકડો વિશ્વમાં થયેલા કુલ મોતના ૬૦ % છે. ન્યૂઝ એજન્સીના રિપોર્ટ મુજબ યુરોપમાં પોઝિટિવ કેસની સંખ્યા ત્રણ લાખથી વધારે છે. ફ્રાન્સ સરકારે લોકડાઉનને ૧૫ એપ્રિલ સુધી વધાર્યુ છે.

ઈટાલીમાં કોરોના વાઈરસના કેસ ૮૬૪૯૮ થઈ છે. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ અહીં એક દિવસમાં ૯૬૯ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ સાથે જ અત્યાર સુધીમાં ૯૧૩૪ લોકોએ જીવ ગુમાવ્યો છે. ૨૪ કલાકમાં ૫૮૯ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. શુક્રવારે અહીં ૪૪૦૧ લોકોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. હાલ અહીં ૩૭૩૨ લોકો આઈસીયુમાં સારવાર લઈ રહ્યા છે. ૩ એપ્રિલ સુધી શાળાઓ બંધ રહેશે તેવી જાહેરાત કરવામાં આવી છે.બીજી તરફ સ્પેનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૭૩ લોકોના મોત થયા છે. અહીં મૃત્યુઆંક ૫૧૩૮ થયો છે.

## તંત્રી સ્થાનેથી...

# માનવતાના દર્શન

સેંકડો વર્ષથી ભારત વિશ્વ ગુરુ છે અને આ વખતે કોરોના સામેની મહામારી સામે સમગ્ર વિશ્વની લડાઈની આગેવાની પણ ભારત કરશે અને એ પણ ભારતના સદીઓ જૂના હથિયાર કરુણાથી. કોરોનાએ જે રીતે સમગ્ર વિશ્વવમાં માથું ઊચક્યું છે તે જોતાં તેની સામેની લડાઈ માત્ર દવાઓને આધારે નહીં જ જીતી શકાય, તેના માટે ભારતીય પરંપરા કે જે દયા અને કરુણા જેવા પરિબળો પર ઊભી છે તેની જરૂર પડશે. જે રીતે છેલ્લા કેટલાક દિવસથી લોકડાઉનની પરિસ્થિતિમાં પણ હાર માન્યા વગર સમગ્ર ભારતે માનવતાનું દર્શન કરાવ્યું છે એ અભિગમ જ ભારતને આવી અનેક મુસીબતોમાંથી હેમખેમ બહાર લાવ્યું છે. નાતજાત, ધર્મ, ઊંચનીચના ભેદભાવ વિના જેમને મદદથી જરૂર હોય તેમને હાથ લાંબો કરવો, પોતાની જાતની પણ પરવા કર્યા વિના સામેવાળા જરૂરિયાતમંદને સહારો આપવો, સમગ્ર વિશ્વ એક પરિવાર છે એવી વસુદૈવ કુટુમ્બકમ જેવી ભાવના ફેલાવવીએ માનવજાતને ભારતે આપેલાં શસ્ત્ર છે. પોલીસ હોય કો સેનાના જવાન, ડોકટરો,નર્સ હોય કે હોસ્પિટલનો સ્ટાફ, સરકારી અધિકારીઓ, પ્રશાસન તેમ જ બસ યા બીજી કોઈ સેવા પૂરી પાડનારા ટ્રાન્સપોર્ટ, લોકડાઉનમાં લોકોના ઘર સુધી શાકભાજી, દૂધ, અન્ન જેવી જીવનજરૂરીયાતની ચીજો પહોંચાડનારા, ૨૪ કલાક દવાની દુકાન ખુલ્લી રાખનારા કે પોતાની જીવની પરવા કર્યા વિના લોકો સુધી સાચી માહિતી પહોંચાડવા સતત કામ કરી રહેલા પત્રકારો, કેમેરામેનો, ફોટોગ્રાફરો જે રીતે ખડે પગે કામ કરી રહ્યા છે તે જોતાં કોરોના ભલે આપણને ડરાવે પરંતુ મહાત નહીં જ કરી શકે તે નિશ્ચિત છે. દરેક રાજ્યોની સરહદ પર પોતાને ગામ જઈ રહેલા લોકોના ધાડાંને ધાડા છે, પરંતુ પોલીસ તેમને પ્રેમથી રાખી રહી છે, જમાડી રહી છે, ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરી રહી છે. પ્રાંતિય કે ભાષાકીય ભેદભાવ ભૂલાઈ ગયેલા છે, દવા તો દવાનું કામ કરશે જ પણ જ્યારે કોઈ જરૂરિયાતમંદને કોઈ નો સહારો મળી જાય તો તે દવા કરતાં પણ વિશેષ કામ આવે છે. આ સહારો તેનામાં જીવન જીવવી માટે નવો પ્રાણ ફૂંકવાનું કામ કરે છે. માત્ર માણસ જ નહીં, પરંતુ અબોલ પશુપંખીઓની વહારે પણ અનેક સંસ્થાઓ ઊતરી આવી છે. સરકારે પણ પાળેલાં પ્રાણીઓને આપવામાં આવતા ખોરાકની દુકાનોને ખુલી રાખવાનો આદેશ આપી ભારતીય પરંપરા જાળવી રાખી છે. આમ જ્યારે પણ ભારત પર સંકટ આવ્યું હોય છે ત્યારે આ દેશમાં હિન્દુ, મુસલમાન, શીખ, ઈસાઈને બદલે ભારતીયોની સંખ્યા વધી જાય છે. ધર્મ, ભાષા, નાતજાતના ભેદભાવ ભૂલી સમગ્ર વિશ્વના કલ્યાણ માટે જ્યારે સહુ ખભેખભા મિલાવીને ભેગા થાય છે ત્યારે કોરોના કરતાં પણ સો ગણા ખરતનાક રોગનો સામનો પણ આસાનીથી થઈ શકે છે. આવનારા દિવસોમાં ભારત અને ભારતની પ્રજા સમગ્ર વિશ્વને રાહ દેખાડશે એ વાત નિશ્ચિત છે. સહુ સાથે મળીને આપણે આ મહામારી પણ વિજય મેળવશું જ અને માત્ર આપણા જ નહીં સમગ્ર વિશ્વના તમામ લોકોને ફરી બેઠાં કરશું એ નક્કી છે.આમેય આપણી પ્રજા જ્યારે સ્વાર્થને તજીને પરમાર્થ માટે કામ કરે છે ત્યારે તેના પરિણામ નજરે પડતા જ હોય છે હાલમાં પણ લોકો એકબીજાનો ખ્યાલ રાખીને માનવતાનાં દર્શન કરાવી રહ્યાં છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૯/૦૩/૨૦૨૦, રવિવાર, ચૈત્ર સુદ-૫
સૂર્યોદય-૬-૪૪, સૂર્યાસ્ત-૬-૫૯, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ કૃતિકા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૮-૧૫ થી ચલ-લાભ-અમૃત-૧૨-૫૨ સુધી, ૧૪-૨૪ થી શુભ-૧૫-૫૬ સુધી, ૧૮-૫૯થી શુભ-અમૃત-ચલ-૨૩-૨૩ સુધી

- શુભ હોરા-
૭-૪૫ થી ૧૦-૪૯ સુધી, ૧૧-૫૦થી ૧૨-૫૨ સુધી, ૧૪-૫૪ થી ૧૭-૫૯ સુધી, ૧૮-૫૯થી ૧૯-૫૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૯-૦૩-૨૦૨૦ રવિવાર

**મેષ(અ.લ.ઈ.) :-** ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે.

**વૃષભ(બ.વ.ઉ.) :-** આવક-ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**મિથુન(ક.છ.ઘ.) :-** તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. વેપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક(ડ.હ.) :-** મિત્ર સહયોગ નહીં કરે. વેપાર-વ્યવસાય મધ્યમ રહેશે. વધુ ખર્ચ ન કરવો. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**સિંહ(મ.ટ.) :-** પ્રિય વ્યક્તિથી ભેટ થશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મ તરફ ઝોક રહેશે.

**કન્યા(પ.ઠ.ણ.) :-** મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ.

**તુલા(ર.ત.) :-** વિવાદ, કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેત રહેવું, ખાનપાનનું ધ્યાન રાખવું. વ્યાપારમાં મુશ્કેલીનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ.

**વૃશ્ચિક(ન.ય.) :-** પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ. ભાગીદારી પર ગહન શોધનો યોગ.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :-** આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન વગેરેનો યોગ. કુટુંબમાં માંગલિક કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ.


**મકર(ખ.જ.) :-** માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ.

**કુંભ(ગ.શ.સ.) :-** માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ.

**મીન(દ.ચ.ઝ.) :-** ગૂઢ આર્થિક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ, ગૂઢ શોધનો યોગ. અવિવાહિતો માટે વિવાહ સંબંધી યોગ.

## રામાયણ જોતો રાવણ

# લોકડાઉનમાં રામાયણનો આનંદ લેતા પરિવારો ટીવી સામે ૯ વાગે ગોઠવાયા ૯૦ના દશકા જેવો માહોલ




અરવલ્લી બ્યુરો મોડાસા

૯૦ ના દાયકામાં રામાયણનો એવો જાદુ હતો કે તેના પ્રસારણના સમયે રસ્તાઓ સૂમસાન થઈ જતા હતા. રસ્તા ખાલી થઈ જતા અને લોકો ઘરોમાં આ ઐતિહાસિક સીરિયલને જોવા માટે એકજૂથ થઈ જતા હતા દેશમાં કોરોના વાયરસના સંક્રમણના વધતા ખતરાની વચ્ચે દૂરદર્શને રામબાણ ચલાવ્યું છે. લોકો સીરિયલમાં રામની ભૂમિકા નિભાવનાર અરૂણ ગોવિલ અને સીતાની ભૂમિકા નિભાવનાર દીપિકા ને ભગવાનની જેમ પૂજતા હતા તો રાવણનું પાત્ર ભજવનાર ભિલોડા નજીક કુકડીયા ગામના અરવિંદ ત્રિવેદિને લોકો રાક્ષસી રાજા અને લંકેશની નજરે નિહાળતા હતા ઉંમરની આ સ્થિતિમાં હાલ અરવિંદ ત્રિવેદી મુંબઈમાં વધુમાં વધુ સમય ભક્તિ આરાધનામાં પસાર કરી રહ્યા છે શનિવારે ફરીથી ટેલિવિઝન પર રામાયણ પ્રસારિત થતા રાવણ પણ ટીવી સેટ સામે ગોઠવાઈ રામાયણ નિહાળી હતી

સાબરકાંઠા જીલ્લાના ઇડર તાલુકાના કુકડીયા ગામના અરવિંદ ત્રિવેદીએ રામાનંદ સાગરના રામાયણમાં પહાડ જેવું શરીર અને ગરજતા અવાજવાળા "રાવણ" નું પાત્ર ભજવી સમગ્ર વિશ્વમાં ખુબજ નામના મેળવી હતી હાલ અરવિંદ ત્રિવેદી મુંબઈ સ્થિત નિવૃત જીવન ગાળી રહ્યા છે જિંદગીના અંતિમ પડાવમાં કોરોના વાયરસની ગંભીર સ્થિતિને લઈને ટેલિવિઝન પર રામાયણ પ્રસાર થતા રાવણ ખુદ રામાયણ નિહાળવા મશગુલ અને ભાવવિભોર બન્યા હતા શનિવારે લોકડાઉનની સ્થિતિમાં રામાયણ સીરિયલ ડીડી નેશનલ પર સવારે ૯ વાગે પ્રસારિત થતા વધુ એકવાર ૯૦ ના દશકા જેવો માહોલ જોવા મળ્યો હતો લોકડાઉનની સ્થિતિમાં ઘરમાં પુરાઈ રહેલા પરિવારજનો ટેલિવિઝન સામે ઐતિહાસિક સિરિયલ રામાયણને નિહાળવા ગોઠવાઈ ગયા હતા રામાયણ સિરિયલ જોવા બાળકોમાં અને મોટેરાંઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં રામાયણ સિરિયલની માહિતી અને પ્રસારણ વિભાગે જાહેરાત કરતા જ સોશ્યિલ મીડિયામાં સરકારના પગલાંને આવકારતા અનેક મેસેજ વાઈરલ થયા હતા

## કોરોનામાં વ્યસ્ત પોલીસનો બુટલેગર ફાયદો ઉઠાવવા જતા ઝડપાયો

# માલપુર પોલીસે ૯૧ બોટલ દારૂ સાથે બાઈક સાથે બુટલેગરને દબોચ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના મહામારીને લઈને સમગ્ર દેશ લોકડાઉન છે પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કમરકસી રહી છે બીજીબાજુ બુટલેગરો પોલીસતંત્રની વ્યસ્તતાનો ફાયદો ઉઠાવવા તત્પર બન્યા છે અરવલ્લી જીલ્લામાં રાજસ્થાનમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઘુસાડવામાં આવે છે કોરોનાના પગલે બંને રાજ્યોએ મુખ્ય સરહદો સીલ કરતા બુટલેગરો અંતરિયાળ સરહદનો ઉપયોગ કરી નાના વાહનો મારફતે દારૂ ઠાલવી રહ્યા છે માલપુર પોલીસે જીતપુર ગામ નજીક સારથી ત્રણ રસ્તા પાસેથી બાઈક પર થેલામાં વિદેશી દારૂ ભરી પસાર થતા મહેશ મંગા પગી નામના બુટલેગરને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

માલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે માલપુરના તમામ વિસ્તારોમાં લોકડાઉનની અમલવારી માટે સઘન પેટ્રોલિંગ હાથધર્યું છે જીતપુર ગામ નજીક સારથી ત્રણ રસ્તા વાહનોનું ચેકીંગ હાથધરાતા બાઈક પર કોથળામાં વિદેશી દારૂ ભરી પસાર થતા મહીસાગરના ચીખલી જોજો ગામના મહેશ મંગા પગીને દબોચી લીધો હતો કોથળામાંથી વિદેશી દારૂની બોટલ અને ક્વૉટારીયા નંગ-૯૧ કીં.રૂ.૮૧૫૦ નો જથ્થો જપ્ત કરી બાઈક કીં.રૂ.૨૫૦૦૦ મળી કુલ રૂ.૩૩૧૫૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી માલપુર પોલીસે મહેશ મંગા પગી નામના બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

# સુરતમાં ૬૦ કલાકમાં એક પણ કેસ પોઝીટિવ ન નોંધાતા લોકોમાં હાશકારો

સુરત, તા.૨૮

કોરોના વાઈરસના પોઝિટીવ દર્દીઓમાં છેલ્લા ૬૦ કલાક કરતાં વધુ સમયથી વધારો નથી નોંધાયો. જેથી તંત્રમાં હાશકારાની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે હેતુથી સિવિલ હોસ્પિટલમાં દરેક જગ્યાએ સર્કલ બનાવવામાં આવ્યાં છે. જેથી લોકો તેના સર્કલમાં ઉભા રહી શકે.

સિવિલ હોસ્પિટલની તમામ ઓપીડી, લેબોરેટરી, કેસ બારી અને દવા બારી સહિત ના વિભાગ બહાર ગોળ સર્કલ બનાવાયા છે.કોરોના વાઈરસથી બચવા હોસ્પિટલ તંત્રનો પ્રયાસ છે. સિક્યુરોટી ગાર્ડન જવાનો દર્દીઓને ગોળાકારમાં ઉભા રાખવાની જવાબદારી ઉપાડી છે. સર્કલની બહાર ગયા તો ગેટ બહાર જશો એ જ એક છેલ્લો રસ્તો અખત્યાર કરવામાં આવી રહ્યો હોવાથી લોકો પણ નિયમનું પાલન કરી રહ્યાં છે.

# લોકડાઉનથી રાજ્ય સરકારની તિજોરીને ૩થી ૪ હજાર કરોડના નુકસાનની શક્યતા

ગાંધીનગર, તા.૨૮

કોવિડ ૧૯ને ફેલાતો અટકાવવા માટે લેવાયેલા લોકડાઉનના નિર્ણયના કારણે રાજ્ય સરકારની તિજોરીને ૩ હજારથી ૪ હજાર કરોડ સુધીનું નુકસાન થઈ શકે છે, તેમ સરકારના સૂત્રોએ જણાવ્યું. મેન્યુફેક્ચરિંગથી લઈને સર્વિસ સેક્ટર સંપૂર્ણ રીતે શટડાઉન છે, આ સિવાય ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીની આવકમાં પણ ઘટાડો થયો છે, તેમ સૂત્રોએ જણાવ્યું.

નાણાકીય વર્ષનો અંતિમ મહિનો હોવાથી માર્ચમાં રેવન્યૂ કલેક્શન વધે છે. પરંતુ આ વખતે જીએસટી કલેક્શનમાં તીવ્ર ઘટાડો થશે તેવી શક્યતા છે. શટડાઉનના કારણે રિયલ એસ્ટેટ તેમજ અન્ય સેક્ટર બંધ હોવાથી સ્ટેમ્પ ડ્યૂટી તેમજ રજિસ્ટ્રેશન ફીની આવક પણ ઘટી છે', તેમ સરકારના વરિષ્ઠ અધિકારીએ કહ્યું. તેમણે કહ્યું કે, સરકારને વ્હીકલના વેચાણથી થતી આવકમાં પણ ઘટાડો થઈ રહ્યો છે.

અધિકારીએ કહ્યું કે, સરકાર તરફથી મળતી સહાયમાં ઘટાડો થવાની શક્યતાને નકારી શકાય નહીં, કારણ કે કેન્દ્ર સરકારને પણ આવકમાં સમાન ઘટાડાનો સામનો કરવો પડશે. 'લોકડાઉન ખતમ થયા બાદ જ આ બાબતો સ્પષ્ટ થશે', તેમ અધિકારીએ કહ્યું.

સૂત્રોએ ઉમેર્યું હતું કે, લોકડાઉનની અસર લોકડાઉનના સમયગાળા પછીના ૮ મહિના સુધી દેખાઈ શકે છે, તેથી થોડા સમય માટે રાજ્ય સરકારની આવકને ફટકો પડશે. 'રાજ્યના આયોજિત ખર્ચને ભંડોળ આપવા માટે રાજ્ય સરકારે વધું નાણાનું ઋણ લેવું પડી શકે છે કારણ કે બજેટની ફાળવણીની જાહેરાત થઈ ચૂકી છે', તેમ અધિકારીએ જણાવ્યું.

# ભાજપ ગરીબો, વૃદ્ધો અને જરૂરિયાતમંદોને ભોજન, રાશન કિટનું વિતરણ કરશે

ગાંધીનગર,તા.૨૮

ગુજરા ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર કોરોના વાયરસના ફેલાવાને અટકાવવા માટેની કટિબદ્ધતા સાથે નાગરિકોને અગવડ ન પડે તેની ચિંતા સાથે વિવિધ નિર્ણય લઈ રહી છે ત્યારે આ સંવેદનશીલ સમયમાં આપણે સૌ પણ આપણા ઘરે રહીને આ લડત માં સહભાગી થઈએ તે આવશ્યક છે.

વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજીના સૂચન મુજબ ૨૧ દિવસના લોકડાઉનના સમયગાળા દરમિયાન ગરીબો અને જરૂરિયાત મંદ પરિવારોને ભોજન, રાશન કિટ જેવી જરૂરી ચીજવસ્તુઓ ગુજરાતના તમામ જિલ્લાઓ-તાલુકા-મહાનગરમાં દરેક બુથ સુધી પહોંચે, કોઈ જરૂરિયાતમંદ વંચિત ન રહે તે સુનિશ્ચિત કરી ભાજપાના કાર્યકર્તાઓ સ્થાનિક વહીવટી તંત્ર, પોલીસ તંત્રનો સહકાર લઈ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓને પણ સાથે રાખી આ સહાય રાજ્યના છેવાડાના માનવી સુધી પહોંચાડશે.

પ્રદેશ અધ્યક્ષે વધુમાં જણાવ્યું હતું કે, કાર્યકર્તાઓના ઘરે પાંચ વ્યક્તિ માટે ભોજન બનાવી ગરીબ, સીનીયર સીટીઝન અને અશક્ત વ્યક્તિઓને પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ ઉપરાંત ભોજન માટે જરૂરી કાચી સામગ્રી જેવી કે લોટ, અનાજ, દાળ, તેલ, શાકભાજી અને જરૂરી અન્ય ચીજોની કીટ બનાવી જરૂરીયાતમંદ સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવશે.

# રાજકોટમાં હોમ ક્વૉરન્ટાઇન કરાયેલી યુવતી ફરાર

રાજકોટ,તા.૨૮

ગુજરાતમાં કોરોના વાઈરસને કારણે લોકોમાં લૉકડાઉનની સ્થિતિ લોકો ધીરે-ધીરે સમજી રહ્યાં છે, ત્યારે રાજકોટમાં અમેરિકાના શિકાગોથી આવેલી યુવતીને હોમ ક્વૉરન્ટાઈન કરવામાં આવી હતી. આ યુવતી અમીનમાર્ગ પર આવેલ કિંગ્સ હાઈટ્સમાં આવેલા તેના ઘરમાંથી ફરાર થઇ હોવાની માહિતી મળી રહી છે.

આ યુવતી વિરૂદ્ધ માલવીયા નગરમાં આઈપીસી ૨૬૯,૨૭૦,૨૭૧,૧૮૮ તેમજ એપિડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ની કલમ-૩ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. હાલ પોલીસ આ ફરાર યુવતીને શોધી રહી છે.આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડા મુજબ, રાજકોટમાંથી ૧૧ સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેમાંથી ૮ નેગેટિવ અને ૩ પોઝિટિવ રિપોર્ટ આવ્યા હતા. ૩ પોઝિટિવ કેસ આવ્યા તેમાં ગુરુવારે દુબઈથી આવેલા યુવાનના મિત્રનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેના પત્નીનો રિપોર્ટ પણ પોઝિટિવ જાહેર થયો છે. આ ઉપરાંત અન્ય બે વ્યક્તિઓના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા છે. તે બન્ને પણ દુબઈથી આવેલા યુવાનના મિત્ર જ છે. આમ દુબઈથી પરત રાજકોટ આવી યુવાને ચાર વ્યક્તિઓને ચેપ લગાડ્યો છે. અત્યાર સુધીમાં રાજકોટમાં કોરોનાના ૮ કેસ નોંધાયા છે, જ્યારે કુલ ૩૭ લોકોને ક્વૉરન્ટાઇન કરાયા છે.

# કોરોના વાયરસ (COVID-19) લંન્ડનનો પત્ર ૨૦ માર્ચ ૨૦૨૦

પ્રતિ તંત્રી શ્રી પ્રદીપભાઈ રાવલ..જન ફરિયાદ દેશ વિદેશ..ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક..લંડન બ્યુરો....બુદ્ધદેવ પંડ્યા. લેસ્ટર..યું.કે..

કોરોના વાયરસનો ચેપ યુનાઈટ કિંગડમ (UK) માં આજે ૧૧૬૫૮ લોકોને લાગી ગયોછે. અને ૫૭૮ લોકોના મોત જાહેર થયા છે. UK માં હવે દરરોજ આ ચેપી રોગથી ૧૦૦ કરતા પણ ઉપર માણસો મારવા પામે છે. લગભગ દુનિયાભરમાં આ વાયરસથી મૃત્યુ પામેલાનો આંકડો ૧૮,૫૮૯ ઉપર પોહચી ગયો છે અને ૫૦૦,૦૦૦ થી પણ વધારે જેટલાને ચેપ લાગુ ચૂકયો છે.

દુનિયાના સૌથી ઉપરના ૬ દેશો માં વધુમાં વધુ લોકોને ચેપ લાગ્યાનો રીપોર્ટે છે. ચાઈના માં ૮૧,૮૬૯, ઈટાલી (Italy) ૬૯,૧૭૬, અમેરિકા (.જી.) ૮૨, ૪૦૪, Spain (૫૭,૬૭૩), Germany (૩૧,૫૫૪), Iran (૨૭,૦૧૭). જર્મનીમાં (Germany) ૪૭,૨૭૮. અમેરિકામાં ૮,૨૧૫ લોકો આ ચેપથી મારી ગયા છે. ઈટાલીમાં ૮,૨૧૫ મોત, સ્પેનમાં ૪,૩૬૫, જર્મનીમાં ૨૮૧, ફ્રાન્સમાં ૧૬૯૬,ઈરાનમાં ૨૨૪૩, સ્વાઝર્લેન્ડ ૧૯૪, અને બીજા ઘણા દેશોમાં આંકડૉ ૫ થી ૩૦ સુધીનો છે. અને ભારત પણ હજુ મોટા આંકડાથી દૂર છે.

અતિયારે બીજે દેશોમાં કેમ વધારે અને આપણા દેશમાં કેમ ઓછું એની હુંસા-તુસી નો સમય નથી. કેટલાક બુદ્ધિના બારદાનો હજુ પણ આ ચેપી રોગની ભયાનકતા સમજી શકતા નથી અને 'જુવો અમે કેટલા હોશિયાર' ના ખોટા ફાંકા માં ફરે છે. મોટા ભાગના દેશોએ 'લોક ડાઉન' કરી દીધું છે, સરકારોએ લોકોને મદદ માટે શિબિરો કરી છે અને અર્થવ્યવસ્થા માં લોકોને સહાય થાય ટેવ આપેકેજો પણ ભાર પડી દીધા છે. ઠેર ઠેર સ્વયં સેવકો સરકાર ની મદદ કર રહ્યા છે. અને લોકોએ પોત પોતાના દેશોમાં 'હોસ્પિટલના ડોકટરો, નર્સો અને બીજા સેવા અપનારાઓને માટે રસ્તા ઉપર નીકળી તળીઓ થી વધાવી રહ્યા છે. માટે કોઈ એક દેશ કરે છે કે બધા કરતા પેહલા કરીએ છીએ એવી ખોટી ઠાસ મારવાણી કોઈ જરૂર નથી. અહીં લોકોના જુવાન અને મોતનો સવાલ છે.

ફલણો ભાર કેમ ના આવ્યો, પેલાએ પૈસા કેમ ના આપ્યા આવી બધી અફવાઓથી રાજકીય પ્રવૃત્તિઓથી ખુશ થાય છે. હો પક્ષપાત કે કોમવાદ ને માટે કે કોઈ વ્યક્તિગત ખુશમત કે ટીકાની ગુંજાઈશ ન હોવી જોઈએ.

અહીં હાથના કાર્ય જ હૈયે વાગવાના છે. ભારતમાં આજે TB એ ફરી પાછું પાછું ઉપર કર્યું છે અને કહેવાય છે કે આના કેસો તો ભરતમાં જ વધારે છે. લગભગ ૨૬,૯૦,૦૦૦ લોકોને હોવા છતાં સરકારી ચોપડે ફકત ૧૯,૯૦,૦૦૦ જ ગયા વર્ષે નોંધાયેલા હતા. આમ ૧૩૦,૦૦૦ એવા છે કે જેમને TBની દવા કામ નથી લગતી તેમને drug-resistant કહેવાય છે. આ પણ એક ફેફડાના અને સ્વાસ ને લાગતો રોગ છે. ભારતમાં લગભગ દર વર્ષે આશરે ૨૨૦,૦૦૦ હ્રીક્રંરજ માણસો આ રોગથી મૃત્યુ પામે છે. આટલો ભક્ષક રોગ હોવા છતાં લોકોમાં તેને માટે ખુબજ બે દરકારી જોવા મળે છે. જે શરમ જનક છે.

જયારે આવી મોટી તકલીક આવે છે ત્યારે લોકોને સાંજ આવે છે કે સારા 'મોહલ્લા ક્લિનક' ની કેટલી જરૂર છે. બધે ને ગધેડાને જેમ લાકડી ઉપર ગાજર બધી ચલાવે તેમ 'ડેવલોપમેન્ટના' નામે સરકારો ખાનગી સેવાઓ જોઈને ખુશ થઈ છે. ગરીબો અને માધ્યમ વર્ગના લોકોને આ ખાનગી હોસ્પિટલો અને ડોકટરો માં ખુલ્લી લૂંટ ચલાવે છે તે ગમે છે. મોટા બિલ્ડિગ અને હાઈ-ફાઈ તેમને અંજાવી નાખે છે. આ સૂટ બુટની સરકાર આવા સંજોગોમાં પણ તેમના ગણ્યા ગાંઠયા વેપારી ઓને ' ભુવો ધૂણે, પણ નાળિયેર ઘર ભણી જ નાખે' તેવું હોય છે. લોકોને સરકારી સુવિધાઓથી સૂગ ચડે તેવી નીતિઓ કરી શિક્ષણ, શારીરિક સ્વસ્થતા અને પબ્લિક ટ્રાન્સપોર્ટને બદલે ધીમે ધીમે ખાનગી કારણ થી રહ્યું છે. આ સુવિધા ઓ ને સારી બનાંવે તો ખરે વખતે કામ લાગે. યુકે જેવાં આ બધી જ સારવાર મફતમાં થાય છે. આ કોરોનના દર્દીઓને એક પણ પૈસો ભરવો નથી પડતો. પણ એ ઉપરાંત સરકારે 'ઇન્સ્પેકશન' ની પકડ પણ રાખી છે. તેહીજ અહીં સગવડો સારી રહેતી હોઈ છે. પણ લોકોને અ ક ા ઉં ટ ી બ ી લ ી ટ ી (accountibility ) શબ્દથીજ જો ચીડ હોઈ તો ભોગવવું પડે ને.પ્રભુને પ્રાર્થના કરીએ કે આ ચેપ બહુ પ્રસરે નહિ. પાકિસ્તાનમાં હજુ થોડાજ કેસ થયા છે અને મારી પણ ૫-૧૦ ની આજુબાજુ હશે. અતિયારે સરકારને સાથ આપવાની જરૂર છે, પણ વિરુદ્ધ પક્ષે 'સવાલ' પૂછવા પણ જોઈએ. આ વસ્તુ ના હોઈ તો નુકશન તો લોકોને જ છે. યુકે જેવાં પાર્લામેન્ટના સરકારના મિનિસ્ટરો અને વાળા પ્રધાને રોજ જવાબ આપવા પડે છે. અને વિરુદ્ધ પક્ષ પ્રશ્નો પૂછે તો અહીંનો મીડિયા તેને પ્રથમ પાનાં ઉપર પણ મૂકે છે. મીડિયા પણ વડાપ્રધાનની ઊંઘ ઉડે તેવા પ્રશ્નો પૂછે છે. પોતાના જ પક્ષના લોકસભાના સભ્યો પણ ખુલે ખુલ્લા પ્રશ્નો પણ પૂછે છે. યુપીમાં ૭૦ છોકરા ઓક્સિજન વગર મારી ગયા અને રાજસ્થાનમાં લગભગ ૯૦૦, પણ એમ લાગે છે કે જેનું ગયું તે 'પોકો'મૂકીને રડી લે છે અને પછી સરકાર પોતાની વાહ વાહ કરનારાઓ સાથે આગળ ચાલે છે. કોઈના પેટનું પાણી પણ હાલતું નથી. આ નિર્ભયા કેસનીજ વાત કરોને. લોકોને પેલા દરિન્દર લોકોને જલ્દી ફાંસીપર ચઢવાનો રસ હતો પણ આખા દેશમાં હજારો રેપ કેસો પોલીસને હટે રફે દફે કરાય છે, જો પકડાય તો કેસ પણ વર્ષો સુધી ખુલતા નથી અને પીડિત ને જે તકલીફ પડે છે તેની તો વાતજ ના પૂછે. પણ સરઘસો અને દિવા પ્રગટાવ્યા સિવાય બીજું કશું નથી થતું. ચૂંટણીમાં આવા વિષયો, 'રામજન્મ ભૂમિ, રાષ્ટ્રવાદ, પાકિસ્તાન, ૩૭૦,' અને 'વાહ વાહ' થી ભરેલા હિંદુત્વના એજન્ડા વચ્ચે ક્યાં છુપાઈ જાયછે તેની ના તો ગરીબીને પડી કે નાટો માધ્યમ વર્ગ ને કે જેમને આખરે ખર તકલીફો વેઢવી પડે છે. પણ કહીએ તો કહે કે 'નાને મોઢે મોટી વાત'.

# ન્યુઝ ઓફ ગાંધીનગર.સાહિત્યિક સ્પર્ધા ના ગદ્ય,પદ્ય પરિણામ.... અહેવાલ : જિજ્ઞા કપુરીયા

વિભાગ : ગદ્ય...

કાગળ અને પેનનું સખ્ય

સખી, વિચાર્યું કે આજે તને ખૂબ ખૂબ લખીને સરપ્રાઈઝ આપું.પણ કાગળ ઉપર કોણ જાણે કેમ, પેન ચાલતી જ નથી. માનતી હતી કે એક તું જ છે જેને હું મારા મનની કોઈ પણ, હા- કોઈ પણ વાત કહી શકું.આપણને મળવાનો બહુ સમય નથી મળતો.એકલી એકલી આંખોમાં તને સન્મુખ રાખીને આખો દિવસ વાતો કર્યા જ કરું છું.ખૂટતી જ નથી એ વાતો.પણ કાગળ ઉપર એ લખવા માટે કલમ ચાલતી જ નથી.એક પણ શબ્દ નથી લખાતો. લાગે છે કે એ વાતો કાગળ ઉપર ઉતરવા માટેની નથી.ઘણું બધું મનના ભંડકીયામાં છુપાયેલું હોય છે, કોઈકને કહેવું હોય છે, મનને તૈયાર કરીને કાગળ-પેન લઈએ છીએ પણ હાથ લખવા માટે ઉપડતો નથી, પેન અટકી જાય છે, વિચારો ગૂંચવાઈ જાય છે.લખું જે ના લખુની વિટંબણામાં પેન ઉપડતી નથી.ક્યાંક કશુંક ના કહેવાનું લખાઈ જશે અને મનની પીડાઓ ખુલ્લી પડી જશે તો? એવો ડર સતત રહે છે.

કોઈ ચમત્કાર થાય અને તું નહીં લખાયેલી મારી વાત સમજી જાય. અથવા કોઈક ચમત્કાર થાય અને મારી અંદરનું બધું કાગળ ઉપર ઉતરી જાય! પછી જે થવાનું હોય એ થાય, જેને જે વિચારવું હોય એ વિચારે, જે કહેવું હોય એ કહે.કાગળ ઉપર લખાયેલા મારા એ અક્ષરો પથ્થર પરની લકીર જેવા બની જાય.શક્ય છે કે મારા એ શબ્દોથી જ હું ઓળખાઉં.મારા ગયા પછી પણ આખી દુનિયા મને વાંચે અને મને સમજીને કાયમ એમની સ્મૃતિમાં રાખે.મારા શબ્દોથી હું પ્રસિદ્ધ થઈ જઉં અને મારા ભીતરની ભાષા એક લકીર બની જાય! કાશ!લખું, લખી શકું, સઘળું, જે કંઈ મન એકલું એકલું બોલ્યા કરે છે, રાતોની રાતો જાગીને ઉલેચ્યા કરે છે, એકલું પીડાય છે ને એકલું જ ખુશ થાય છે. અનેક લાગણીઓથી એકલું એકલું જ સભર મન કાગળ ઉપર લખાઈ જાય તો એનાથી રૂડું શું હોય?

કાગળ મારો મિત્ર અને પેન કાગળની સખી.

લાવ, આજે તો સખ્યભાવ નિભાવી જ લઉં.

પ્રફુલ્લા×પ્રસન્ના× અમદાવાદ

શીર્ષક : મમતા ની કસોટી..

મીના ને સમીર ના લગ્ન ને એક વરસ થયું. બીજે વરસે તો દીકરા ×રાજ× નો જન્મ થયો..અને સમીરના પપ્પાએ મીના ને કહ્યું, ×બેટા..તેં તો મને ઘડપણની લાકડી આપી ..× એમ કહી મીનાના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. પછી પત્નીના ફોટા સામે જોઈને કહ્યું ,×તારા વગર એકલો પડી ગયો હતો પણ હવે મારું વ્યાજ મને ફરી જીવાડશે..×

પણ વિધાતાએ મીનાની જિંદગીમાં કસોટી કરવાનો લેખ લખ્યો હતો. સમીર ને ન્યૂમોનિયા થયો. તાવ મગજે ચડી જતો. અને એક દિવસ અચાનક કોઈ ને ,કંઈ કહ્યા વગર અનંત યાત્રા એ ઉપડી ગયો. હજુ તો દીકરો રાજ બે જ વરસનો હતો. મીના તો શૂન્યમનસ્ક બની ગઈ . એક શૂન્યવકાશ..એક ખળખળ વહેતો ખાલીપો...

મીનાએ ઈશ્વર ને ફરિયાદ કરી..× હે, ભગવાન તું આ કેવી કસોટી લે છે..!! ??×

સસરાએ હિંમત આપી કહ્યું, ×બેટી..રાજ માટે જીવવું પડશે..×

ને મીના એ પોતાની જાતને સંભાળી. ભણેલી હતી એટલે ધીમે ધીમે સમીરની ઓફીસ અને ઘર બંને ને સંભાળી લીધા. સસરા નાના રાજને જીવ કરતા પણ વધારે સાચવતા.

પણ..એક દિવસ રાજ દાદર ચડી રહ્યો હતો ને હજુ મીના ના સસરા એને નીચે ઉતારે એ પહેલા જ નાનકડા રાજનો પગ લપસ્યો ને દાદર પરથી નીચે પડ્યો. માથામાં ગંભીર વાગ્યું હતું. તરત હોસ્પિટલ લઈ ગયા. એક અઠવાડિયા પછી રાજ ભાનમાં આવ્યો, પણ...કોઈ ને બરાબર ઓળખતો ન હતો..ડોકટરે કહ્યું,× રાજ ને થોડો મોટો થવા દો પછી જ કંઈ કહી શકાય..×

બે વરસ પછી રાજ ને પાંચમું વરસ બેઠું. મીના ડોકટર પાસે ગઈ. બધા રિપોર્ટ કરાવ્યા..ને રિપોર્ટ જોઈ ડોકટરે કહ્યું, ×બેટી, તારો દીકરો માનસિક વિકલાંગ બન્યો છે.એની ઉંમર વધશે પણ તેની બુદ્ધિ, નાના બાળક જેવી રહેશે...!!!×

અને મીના ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી..

આજે ફરી ઈશ્વર ને ફરિયાદ કરી..×ઈશ્વર હજુ કેટલી કસોટી લેશે મારી???×

ધીમે ધીમે સમય સરકતો રહ્યો. રાજ પંદર વરસનો થયો હજુ ત્રીજા ધોરણમાં હતો. આજે સ્કૂલમાં વાર્ષિક મહોત્સવ હતો. રાજે એક ડ્રામામાં પાર્ટ લીધો હતો. બધાએ પેરન્ટસ સાથે સાંજે પાંચ વાગે સ્કુલ પર પહોંચવાનું હતું.

રાજ,મીના ને તેના સસરા ચાર વાગે સ્કૂલ પર પહોંચી ગયા. કાર્યક્રમ ચાલુ થયો.રાજે ખૂબ સરસ અભિનય કર્યો. બધાએ તાળીઓથી વધાવી લીધો. તેની સાથે પાર્ટ લીધેલો તે અમી અને રાજ ની મમ્મી ને સ્ટેજ પર બોલાવવામાં આવ્યા. અમીની મમ્મી લાલ સાડી ને ચાંદલો, ને બંગડીમાં શોભતી હતી. જ્યારે મીના સફેદ સાડીમાં સૌમ્ય લાગતી હતી. અચાનક રાજે મીના ને કહ્યું,× મમ્મા તું પણ આવી લાલ સાડી પહેરને?? ચાંદલો ને બંગડી પહરે તો તું અમીની મમ્મી કરતા સરસ લાગશે.. મમ્મા ..બોલને..કરશે ને તુ..બોલને મમ્મા..×

મીનાની આંખમાંથી આંસુ રેલાય રહ્યા. ત્યાં તો રાજના દાદા સ્ટેજ પર આવ્યા ને રાજના માથે હાથ મૂકીને કહ્યું, ×હા બેટા, તારી મમ્મી એ બધું જ કરશે જે તને ગમે છે..×

જ્યારે તેઓ ઘરે આવ્યા ત્યારે મીનાના હાથમાં લાલ સાડી,ચાંદલા ને બંગડી ના પેકેટ હતા.બીજે દિવસ લાલ સાડી,ચાંદલો ને બંગડીમાં શોભતી મીના પૂજા ના ઓરડામાં ભગવાન અને સમીરના ફોટા સામે હાથ જોડીને ઊભી હતી..

રાજ તો મમ્મી ને ભેટી જ પડ્યો..

દૂરથી મીનાના સસરા એક મા રુપી બલિદાન મૂર્તિને વંદન કરી રહ્યા હતા.

મીના એ મનોમન કહ્યું, ×આજે હું મારા દીકરા માટે સોહાગણ બની છું.

હે ઈશ્વર..

તારે જેટલી કસોટી મારી કરવી હોય એટલી કરી લેજે....!!!!!×

રીટા મેકવાન ×પલ×

શીર્ષક - એક સાંજ દરિયા કિનારે

જેમ ચરખો ફરે એજ રીતે ધીરે ધીરે સમયનો ચરખો ફરતો રહે છે.સવાર પછી સાંજ અને સાંજ પછી રાતનો ક્રમ. સવાર આવે છે રોજ એક નવી આશા લઈને અને એજ આશાઓને પૂરી કરવાની પાછળ પાછળ મનવી સાંજ સુધી ઝઝૂમે છે.અને સતત ઝઝૂમવાથી થાકીને લોથ થઈ ગયેલો માનવી શાંતિની શોધમાં સંધ્યા ટાણે દરિયા કિનારે ખેંચાય આવે છે.દરિયા કિનારે પહોંચતાજ એની અંદર ઊઠતો ઘૂઘવાટ દરિયાના ઘૂઘવાટમાં સમાઈ જાય છે.અને એનું મન શાંત થઈ જાય છે.એના મનની તકલીફોને અચાનક કોઈએ ઓછી કરી નાંખી હોય એમ લાગે. કુદરત પ્રત્યેનું માનવીનું આકર્ષણ આદમ અને ઈવના સમયથી ચાલ્યું આવ્યું છે.પરંતુ પ્રકૃતિની સાચી કળા તો સંધ્યાકાળેજ માણવા મળે.સંધ્યા સમયે પ્રકૃતિની આભા અનેરી હોય છે. સુવર્ણ રથમાં પોતાના મુકામે પાછાં જતાં ભાસ્કરદેવ પોતાના કિરણોને જેમજેમ સંકોરતા જાય તેમ તેમ સંધ્યાના રંગો ઘેરા અને સુંદર થતા જાય છે અને દરિયાની લહેરો પર પડે છે ત્યારે લાગે જાણે દરિયાએ સપ્તરંગી વસ્ત્ર પરિધાન કર્યું હોય આકાશે એ સપ્તરંગી વસ્ત્રને જાણે કેસરીયા રંગનું છત્ર ધર્યું હોય એમ લાગે.આવા સમયે દરિયાની રેતી જાણે હજુ બપોરની ગરમીને પોતાનાથી દૂર કરવા ન માંગતી હોય એમ ધીરે ધીરે ઠરી રહી હોય.જેના પર બેસવાનો અનુભવ અદ્ભુત હોય છે. સૂર્યમાંથી જાણે રંગોના ફુવારા છૂટતા હોય એમ આખું આકાશ અવનવા રંગોથી લીંપાઈ જાય.સંધ્યા સમયે પોતાના સાથીના હાથમાં હાથ પરોવી રેતીમાં પગની છાપ પાડતાં પાડતાં છેક સુધી ચાલતાં ચાલતાં આ કુદરતી આસવાદ્ય માણવો એ પણ એક લ્હાવો છે.

લેખિકાઃ આરતી અ. મરચંટ શ્ર મુંબઈઃ કાંદિવલી.

વિભાગ : પદ્ય

શીર્ષક : મિત્ર મિલાપ

(અછાંદસ)

બહું શ્રીમંત,મહંત,અમીર,વીર,
છપ્પન ભોગ,જે કરે પાન ગંગાનીર.
સુવર્ણશિખર,દેવ દરબાર,કવિ કલાકાર,
એક ભરથાર,બહું છે નાર, નમે દિશા ચાર.
ધીશ,અધીશ,ઈશ,એજ છે જગદીશ,
ચતુર્ભુજ ચારું,ચતુર,સ્થિતપ્રજ્ઞ છે ધીર,
તુરી,ગજ,રથ,કથ,શસ્ત્ર ,ખડગ, તીર,
દ્વારિકામાં દેવકીનંદન સોનાખાટે જમે ખીર.

(મંદાક્રાન્તા)

દેખોજીઆ દારિદર કહે કે છું એનો સખા હું,
પાયે છે કંટક શરણગારે, તને ભૂખ ભાળું,
ધોતી એવી ન બનઠન, દેહે ભભૂતી જ લેપે,
દ્વારે આવી મન ખુશ થવે આજ મિત્રે મિલાપે.

(શિખરણી)

સુદામા ઊભો છે, હરિ તુજ ધરે, એવું કરો જી,
કહો રાજાજીને,હું છું તું ઘરે, આવું પ્રભુજી?
અરે સ્વામીએ છે ભવન નહીં ત્રણેય ભુવનેએ,
ભલે ઊભો છે દ્વિજ હું કહું જરા ઈશવર ને.

(મંદાક્રાન્તા)

રાજાજી એક નરમ લતા જેમ છે ઉબંરે સાધુ,
જાણીને વિચલિત જરા છે નાથ આવી કથા શું?
નામેકામે નરમ,કરમે ઢોંગ જાણે ભિખારી!
ચાંદી કે સોનું મણિ શું છે માંગ એની શ ા ન ા ર ી ?

(શિખરણી)

કહો એ જે નામે જગસઘળું જાણે, દરબારી,
નમે છે જાણે આપ મન,તનથી વંદન કરી,
'સુદામા' નામે છે નર ,પણ શું એ અંદર આવે?
શું, હેંપ.હેં...થી પાણી,પ્રભુજી મરકે આંખથી ઝરે??.

(વસંતતિલકા)

એ 'સુજ્ઞ' શ્રીહરિ જ રાજ શું ભાન ભૂલી!
પાયે પડી જગતનાથજી રેણ ચૂમી!
ખાટે, હિંડોળ મુકી 'ને મોજડીય છોડી!
ભેટી જ આસને બેસ કહી શું સેવી!

(અછાંદસ)

નાથ નમન કરું કૃષ્ણ કે સુદામે?
એ જગપાલનહાર, એ જેને સેવે!
દારિદર જગ કહે ,પણ શું ખરેખર હોવે?
પ્રભુ જેને સેવે એ રંક હોવે?઼
કથઃ કથા,ધાર્મિક કાર્ય
તને : શરીર પર)

'સુજ્ઞ'

ભુમિત પિઠડિયા

શીર્ષક જાઉં છું

મળે જો ખુશી તો વળી જાઉં છું.
મળે જો ચાહ તો ભળી જાઉં છું.
તમન્નાને ગૂંથી ઘડી થોભતાં,
પ્રથમ એક ચરણે હસી જાઉં છું.
મળ્યો જન્મ માનવ તણો જો જગે,
ધરી હાથ ખુદનો ,જડી જાઉં છું.
કરી આત્મમંથન નિયંતા તણું,
સજાવી સુકર્મે ,શમી જાઉં છું.
ઉધારી કરી ઈશ સાથે ફરી,
હવે જાત બદલી, જપી જાઉં છું.

દેવીબેન વ્યાસ-વસુધા

શીર્ષક જીવી જાઉં છું

હું એના સમૂહે ભળી જાઉં છું,
બધાથી અલગ તો તરી જાઉં છું.
અહીંના રિવાજો ય નોખા પડે,
છતાં એ બિબામાં ઢળી જાઉં છું.
કરેલા કરમના હિસાબો ગણી,
ખુદાના સહારે તરી જાઉં છું.
હથેળી કરી બંધ સામે ઉભી,
નજર ના ઈશારે લડી જાઉં છું.
નથી કોઈ ઈચ્છા અધૂરી હવે,
છતાં પણ મરીને જીવી જાઉં છું.

કાતરીયા વૈશાલી ×વૈરીયા×

શીર્ષકજાઉં છું

લગાગા લગાગા લગાગા લગા

સમય હું નથી કે સરી જાઉં છું,
વિચારો, હદયથી મળી જાઉં છું..
છુપાવી રહ્યા આપ ચાહત અને,
તમારી અદા પર મરી જાઉં છું..
હદય ગીતને જો કદી સાંભળો?
બની તાલ સાથે ભળી જાઉં છું..
મને એક વારે કહો આપની,
ગગન સાતમાં હું ચડી જાઉં છું..
અવર કોઈ છેડે સનમ વાત તારી,
મનોમન પછી હું બળી જાઉં છું..

અંજના ગાંધી ×મૌનું×

વડોદરા

# મોડાસાના કુંભારવાડા અને કોઠારીવાડામાં દવાનો છંટકાવ કે દેખાડો : લોકોનો નગરપાલિકાની કામગીરી સામે પ્રમુખ સામે આક્રોશ ઠાલવ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાઈરસ ન ફેલાય તેની તકેદારીના ભાગ રૂપે મોડાસા નગરપાલિકા તંત્ર સતર્ક બન્યું છે શહેરના જાહેરમાર્ગો પર અને રહેણાંક વિસ્તારોમાં દવાનો છંટકાવ કરવાની કામગીરી હાથધરી છે શહેરના કુંભારવાડા અને કોઠારીવાડા વિસ્તારમાં દવાનો છંટકાવ કરતા કર્મચારીઓ રસ્તાઓ પર જ દવાનો છંટકાવ કરતા રહીશોમાં ભારે રોષ છવાયો હતો લોકોના ઘર આગળ અને બંને વિસ્તારની ખડકીઓમાં દવાનો છંટકાવ ન થતા હોબાળો મચાવતા નગરપાલિકાના કર્મચારીઓ અને રહીશો વચ્ચે તું-તું મૈં-મૈં થતા હોબાળો મચતાં નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ ઘટનાસ્થળે દોડી મામલો થાળે પાડ્યો હતો

સમગ્ર દુનિયામાં કોરોના વાઈરસે હાહાકાર મચાવી દીધો છે. જો કે અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં એક પણ પોઝિટિવ કેસ અત્યાર સુધીમાં જોવા મળ્યો નથી. તેમ છતાં લોકોમાં કોરોનાને લઈને ડરનો માહોલ ઊભો થઈ રહ્યો છે. ત્યારે મોડાસા નગરપાલિકાના તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે સમગ્ર શહેરમાં દવાનો છંટકાવ કરવાની શરૂઆત કરવામાં આવી છે. શહેરમાં આવેલ સરકારી કચેરીઓ, જાહેર સ્થળો, લોકોની અવરજવર વધુ ધરાવતા સ્થળો તેમજ વધુ ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.મોડાસા શહેરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરી સતત વિવાદો થી ઘેરાયેલી રહી છે

મોડાસા શહેરમાં સ્વચ્છ શહેર બનાવવા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમ છતાં શહેરમાં સફાઈની કામગીરી કરવામાં નગરપાલિકા તંત્ર ઉણુ ઉતારતું હોવાની બૂમો સામાન્ય બની છે નગરપાલિકા તંત્રના કર્મચારીઓએ કોરોનાના પગલે કુંભારવાડા અને કોઠારીવાડામાં દવાનો છંટકાવ ફક્ત દેખાવ પૂરતો કરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે સ્વચ્છતા અને ગટરની સફાઈ કામગીરી પણ વ્યવસ્થિત થતી ન હોવાથી લોકોએ હોબાળો મચાવતા કર્મચારીઓ સામે યોગ્ય રીતે દવાનો છંટકાવ કરવામાં આવેની માંગ સાથે હોબાળો થતા નગરપાલિકાની કામગીરી સામે ભારે રોષ જોવા મળતા તાબડતોડ નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ ઘટનાસ્થળે પહોંચી લોકોને સમજાવી યોગ્ય રીતે દવાનો છંટકાવ અને સફાઈ કામગીરી યોગ્ય રીતે કરવામાં આવશેની હૈયાધારણા આપી હતી

છલક છાલક

સખા! સુખની સુગંધ કસી બાંધુ હું મુઠ્ઠીએ
ને દુખની ધૂણીને ગણું મોટો વંટોળ,
સુખ-દુખ આ કેવા! જાણે વીજળી ને વાદળી,
આવે ને જાય ચડી ચંચળ ચગડોળ.
ગહેરા સંવેદનો સ્પર્શે ચિત્તવનમાં,
જે સમજી સ્વીકારું વૃત્તિના અલંકાર.
અહંમ
, આર્ત, એકસૂર ગાયે સંગાથે,
ને નીરવ મનભૂમી પડઘાય ઓમકાર.
માગણીના તારને સરખેથી તાણું તો,
અકળાતી લાગણી લાવે સુહાણ.
મીઠાં કે માઠાં સૌ આવેલાં અવસરને
કર્મોના બક્ષિસની માને લહાણ.
સખી! લાગણીની છલક છોળ પ્રેમથી વધાવે,
સુખદુખના દાવ દિલ ન્યાલ થઈ નવાજે.

------ સરયૂ પરીખ ઓસ્ટિન, ટેક્સાસ.

Harmony of Emotions

I lament my loss in exaggeration,
and intently cling to cheery impressions.
My pain and pleasure like cloud and rain,
Keep changing froever, I struggle in vain.
The wavy emotions may flow as a stream,
When strings of my life I tune and trim.
The colros of my mind may braid in a bow,
Sroted sensations can sing unison.
My srorow, my glee, two sides of my pride,
Pure wisdom will rule to make me whole.
My whimper and laughter weaving in one,
My groans and moans entwine in Om!
I feel each emotion wrothy of love,
My heart may revel in misery ro joy.

Saryu Parikh

Excellent poem!! Makes mroe sense as I just finished reading VAIRAGYA SHATAK of Bhartuhari! Also this is the v125th Birth year of the great GANGA SATI who wrote..HARAKH NE SHOK NI AVE NAHI HEDKI NE ATHE POR ANANDJI…Love, Munibhai

હરખ ને શોકની આવે નહીં હેડકી ને આઠે પોર આનંદ...ગંગાસત

Saryu Parikh સરયૂ પરીખ અમેરિકા

હે..પરમપિતા પરમેશ્વર ! ખરેખર

તમારો જાદુ ચાલી.... ગયો, આખી ધરતીની સડકો..ખાલી થઈ ગઈ, આખ્ખી ધરતી પર શુદ્ધ હવા લહેરાય રહી છે.. બધાં જ છોડ-ઝાડ હવામાં ઝૂમી રહ્યાં છે..સમુદ્ર માં ચાલવા વાલા મોટા મોટા જહાજો થંભી ગયા છે..સમુદ્ર ને કોઈ હવે ગંદો નથી કરી રહ્યું...લોકો માંસાહાર છોડી રહ્યા છે...માછલી ઓ...અને દેડકાઓ મસ્તીમાં ડોલી રહ્યા છે.. !

ઘરડાં મા બાપનો દિકરો એમની પાસે બેસી ને સુખદુખની વાતો કરી રહ્યો છે..!

બાળકો એના માતાની સાથે રમી રહ્યા છે. પતિપત્ની નો જરૈંહપ્ર મા ઝગડો નથી થઈ રહ્યો..!

લોકો એકબીજા ને સમજી રહ્યા છે.લોકો સિસ્ટમ નુ પાલન કરતા નજરમાં આવી રહયા છે.

હે ભગવાન ! આ ઝહિટ્ટ નહી પણ આપની કરુણાનુ જ પરિણામ છે..!

પરંતુ હે પ્રભુ ! જરા ધીમે ...

તમારા પવિત્ર હાથોની માટીથી બનેલાં આ રમકડાં ક્યાંક ટૂટી ન જાય !!

અમે જાણીએ છીએ કે તમે...કુદરત નું ..સમતુલન કરવામાં લાગ્યાં છો..

તો પણ થોડીક મહેરબાની- દયા કરજો !!

!! હે પ્રભુ ! બધા ને સહ-પરિવાર સ્વસ્થ અને સુખી રાખજો...!! વૈશાલી રાવલ.અમદાવાદ

# અરવલ્લી જિલ્લામાં કમોસમી વરસાદ વરસતા ધનસુરા માં ઘઉં ના પાકને નુકસાન

મોટી ઈસરોલ, તા.૨૭

અરવલ્લી જિલ્લા માં રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો ૨૬-૦૩-૨૦૨૦ ના રોજ રાત્રે અરવલ્લી જિલ્લા માં ધોધમાર વરસાદ વરસ્યો હતો જિલ્લા માં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો.કમોસમી વરસાદ વરસતા ધનસુરા તાલુકા માં પણ ખેડૂતો ને નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો ધનસુરા ના ખેડૂત જિતેન્દ્રભાઈ પટેલ એ જણાવ્યું હતું કે તેમના ખેતર માં ઘઉં ના પાકને ભારે નુકસાન થયું હતું.ઘઉં ના ઉભા પાક માં કમોસમી વરસાદ વરસતા ખેતર માં પાકને નુકસાન થયું હતું અને ઘઉં પડી જવા અને ખેતર માં પાણી ભરાઈ ગયું હતું.જિતેન્દ્રભાઈ જેવા ગણા ખેડૂતો ને નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.જિલ્લા ના કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો જિલ્લા ના ધનસુરા માં ગાજવીજ અને પવન સાથે સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો તો આ ઉ પ ર ાં ત મોડાસા,બાયડ,ટીટોઈ,વડાગામ,મેઘરજ માં પણ વરસાદ વરસ્યો હતો.વરસાદ વરસતા વાતાવરણ માં ઠંડક પ્રસરી હતી. કમોસમી વરસાદ વરસતા ખેડૂતો ચિંતિત બન્યા હતા.કમોસમી વરસાદ થી વરિયાળી,જીરુ,ઘઉં ના પાકને નુકસાન થવાની સંભાવના થી ખેડૂતો ચિંતિત બન્યા હતા.ધોધમાર વરસાદ થી ઘઉં ના પાકને નુકસાન થયું હતું.કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ સર્જાય હતું મોડી રાતે વાદળછાયા વાતાવરણ વચ્ચે વીજ કડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.

# પ્રયાસ ગ્રુપ ધ્વારા શીકા માં જરૂરિયાત મંદ લોકોને જીવન જરીયાત વસ્તુઓ ની કીટ વિતરણ કરાઈ



મોટી ઈસરોલ, તા.૨૭

કોરોનાવાયરસ ની ૨૧ દિવસ ના લોકડાઉન જેવી પરિસ્થિતિમાં નીસહાય વૃદ્ધોને પ્રયાસ ગ્રુપ ધ્વારા અનાજ કરીયાણાની કીટ વિતરણ કરવામાં આવી પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ ના યુવાનો ધનસુરા પંથકમાં ખૂબ સરાહનીય કાર્ય કરે છે પ્રયાસ ગ્રુપ દ્વારા ધનસુરા ના શીકામાં અત્યારે ૨૧દિવસ ના લોકડાઉનમાં જરૂરિયાતમંદ લોકોને ૭ દિવસ ચાલે એટલું જીવન જરીયાત ની ૧૮ વસ્તુ ની કીટ આપવામાં આવી હતી.પ્રયાસ ગ્રુપ આ ઉપરાંત ઉનાળા માં પાણીની પરબ,શિયાળા માં ગરીબ બાળકોને સ્વેટરનું વિતરણ જેવા કાર્ય કરે છે.ત્યારે પ્રયાસ ગ્રુપ ના આ કાર્ય ની સૌએ સરાહના કરી હતી.પ્રયાસ ગ્રુપ ધનસુરાના મિત્રો આનંદભાઈ પટેલ,જીગ્નેશ ભાઈ પ્રજાપતિ,જીતેન્દ્રભાઈ, રાજેશભાઈ તથા જયભાઈ જોશી દ્વારા કોરોનાવાયરસ ની ૨૧ દિવસ ના લોકડાઉન જેવી પરિસ્થિતિમાં નીસહાય વૃદ્ધોને અનાજ કરીયાણાની કીટ વિતરણ કરવામાં આવી આ પ્રસંગે શીકા ગામના ડેપ્યુટી સરપંચ બિન્કલબેન વિપુલભાઈ પટેલ પણ સાથે જોડાયા હતા.અને બિન્કલબેન પટેલ એ પ્રયાસ ગ્રુપ ના આ કાર્ય ની પ્રસંસા કરી હતી.




સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા દ્વારા શાહપુર દરવાજા વિસ્તાર માં ૩૦૦ ફૂડ પેકેટ નું વિતરણ કરવામાં આવ્યું.સમાજ ના સેવકો કમલેશ વ્યાસ.અમરીશ જાની.નિલેશ રાવલ તેમજ સ્થાનિક સેવકો હજાર રહ્યા હતા.

# ગુજરાત માંથી રાજસ્થાનમાં પ્રવેશતા ૧.૫ લાખ લોકોનું સૅનેટાઈઝિંગ અને સ્ક્રીનિંગ હાથધર્યું

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાના કારણે સમગ્ર રાજ્યમાં બાંધકામ ઉદ્યોગ, નાના-મોટા કારખાના અને ફેક્ટરીઓમાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકોનો મોટો સમૂહ ગુજરાત છોડી વતન તરફ પગપાળા પ્રયાણ કર્યું હતું કોરોના કહેરને પગલે રાજસ્થાન સરકારે આંતરરાજ્ય સરહદો સીલ કરતા ગુજરાતમાંથી અંદાજે દોઢ લાખથી વધુ લોકો રાજસ્થાનમાં પ્રવેશતા સરહદ પર અટવાતા વિકટ પરિસ્થિતિનું નિર્માણ થતા રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત ઉદેપુર ખાતે દોડી આવી સ્થાનિક પ્રશાસન તંત્ર અને આરોગ્ય વિભાગને સૂચના આપી




ગુજરાતમાંથી પ્રવેશતા તમામ લોકોનું રજીસ્ટ્રેશન કરી સૅનેટાઈઝશન કરી પ્રવેશ આપવાની પ્રક્રિયા હાથધરી હતી

રાજસ્થાનમાંથી ગુજરાત સહીત દક્ષિણ પ્રદેશના રાજ્યોમાં ધંધા-રોજગાર અને આજીવિકા માટે સ્થાયી થયેલા લોકો લોકડાઉનની જાહેરાત સાથે જ રાજસ્થાનીઓએ ખાનગી વાહનો અને જે વાહન મળ્યું તે લઈ અને પગપાળા વતન તરફ પ્રયાણ કરતા માર્ગો પર કીડિયારું ઉભરાયું હતું રાજસ્થાનની સરહદો સીલ હોવાથી લોકો રતનપુર ચેકપોસ્ટ નજીક અટવાયા હતા લોકડાઉનમાં હોટેલ,અને તમામ દુકાનો પણ બંધ રહેતા હાલત કફોડી બનતા શામળાજી મહિલા પીએસઆઈ એસ.એમ.પરમાર

અન્નક્ષેત્રના સંચાલકો બાબુકાકા,નીતિન પંડ્યા સહિતના લોકોએ

તમામ શ્રમિકો માટે પાણી ચા-નાસ્તા અને ફૂડ પેકેટની વ્યવસ્થા કરી ખડેપગે ત્રણ દિવસ સુધી સેવા પુરી પાડી રાજસ્થાનીઓને હૂંફ આપી હતી

રાજસ્થાન સરકારે આંતરરાજ્ય સરહદો પરથી સીલ હટાવી દઈ ગુજરાતમાંથી પરત ફરતા લોકોને પ્રવેશ આપવા માટે કામગીરી હાથધરી લોકોનું રજીસ્ટ્રેશન અને સેનેટરી જ કરીને જે ગામના હોય તે ગામનું નામ સરનામું લખીને રાજસ્થાનની બસો મારફતે તેમના વતન મોકલવા કામગીરી હાથધરી હતી રાજસ્થાનના ડુંગરપુર જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર અને પોલીસતંત્રે ખડે પગે સરહદ પર ઉભો રહીને તપાસ હાથધરી બીમાર અને તાવ શરદી ઉધરસ ખાંસીના લક્ષણો ધરાવતા લોકોને ડુંગરપુર સારવાર અર્થે અને આઈસોલેશન માટે ખસેડવાની કામગીરી રાઉન્ડ ધી ક્લોક ચાલી રહી છે

## બહુચર માતાજી મંદિર દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે

# નિઃશુલ્ક ૧૫,૦૦૦ કિલો શાકભાજીનું જરૂરિયાતમંદ વિસ્તારમાં વિતરણ કરાયું



ભારતમાં કોરોના મહામારીને પગલે લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે દૈનિક જીવનમાં જરૂરી એવા શાકભાજીનું ચૈત્રી નવરાત્રિના ચતુર્થ દિવસે, શનિવારે શહેરનાં નવાપુરામાં આવેલા બહુચર માતાજી મંદિર દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે નિઃશુલ્ક ૧૫,૦૦૦ કિલો શાકભાજીનું જરૂરિયાતમંદ વિસ્તારમાં વિતરણ કરાયું હતું.

આ અંગે વિગતો આપતાં નવાપુરા બહુચર માતાજી મંદિરના સમીરભાઈ શાસ્ત્રીજીએ જણાવ્યું કે વર્તમાન સમયમાં વૈશ્વિક કોરોના મહામારીને પગલે ભારતમાં પણ ૨૧ દિવસનું લોકડાઉન થયું છે ત્યારે દૈનંદિન જીવનમાં ઉપયોગી એવા શાકભાજી એવા પરિવારો કે જેઓ ખરીદી પણ શકતાં નથી તેઓને ઉપયોગી થાય એવા હેતુથી મંદિર દ્વારા છ ટ્રકમાં ૧૫,૦૦૦ કિલો કરતાં પણ વધુ કોબીજ, ફ્લાવર, દૂધી, રીંગણ સહિતનાં શાકભાજનું વિતરણ સ્થાનિક જરૂરિયાતમંદ પરિવારોમાં કરવામાં આવ્યું છે. જેનાથી તેઓને ઉપયોગી સાબિત થાય.તેમણે જણાવ્યું કે મંદિર દ્વારા સામાજિક જવાબદારીનાં ભાગરૂપે આ વિશિષ્ટ સેવાનો લાભ લેવામાં આવ્યો છે. બીજી તરફ ચૈત્રી નવરાત્રિ દરમિયાન મંદિરમાં ઘટ સ્થાપન અને જ્વારારોપણ કરવામાં આવ્યું છે. સાથે જ આ કોરોના પ્રકોપમાંથી સમગ્ર ભારત અને વિશ્વમાં રાહત મળે તે માટે પણ પ્રાર્થના કરવામાં આવી રહી છે. ખાસ કરીને દુર્ગાસપ્તશતી અને વિશિષ્ટ વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન-અર્ચન પણ કરવામાં આવી રહ્યું છે, કારણ કે કળિયુગમાં કહેવાયું છે કે કલૌ ચંડીવિનાયકૌ અર્થાત્ કળિયુગમાં ચંડી અને ગણેશજીની ઉપાસના શીઘ્ર ફળદાયી રહે છે. તે મુજબ આ આધ્યાત્મિક પ્રયોગ પણ થઈ રહ્યું છે.

# રાજસ્થાની શ્રમિકોની મદદે અરવલ્લી વહીવટી અને એસ.ટી તંત્ર : ૫ એસટી બસ શ્રમિકો સાથે રાજસ્થાન જવા રવાના

અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર રાજ્ય અને દેશમાં લોકડાઉન છે ત્યારે લોકો ઘરમાં બેસીને કોરોના વાયરસ સામે લડી રહ્યા છે. કોરોનાના કારણે સમગ્ર રાજ્યમાં બાંધકામ ઉદ્યોગ, નાના-મોટા કારખાના અને ફેક્ટરીઓમાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકોનો મોટો સમૂહ ગુજરાત છોડી રહ્યો છે. બિલ્ડરોએ બાંધકામના શ્રમિકો માટે કોઈ વ્યવસ્થા કરી નહીં અને સરકારે પણ હાથ ઉંચા કરી દેતા, ઉપર આભ અને નીચે ધરતીની સ્થિતિમાં મુકાઈ ગયેલા શ્રમિકોએ બસ કે ટ્રેન નહીં મળવાના કારણે પગપાળા ગુજરાત છોડવાનું શરૂ કર્યું છે.મોડે મોડે

મુખ્યમંત્રીએ લોકોની દયનિય સ્થિતિને જોઈ ગુજરાતના મુખ્યમંત્રીએ તેમના માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવાની તંત્રને સૂચના આપી છે ત્યારે અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર અને એસટી વિભાગ દ્વારા પગપાળા જતા લોકોને તમામ સુવિધા ઉપલબદ્ધ કરાવી એસટી મારફતે ૭૦૦ થી વધુ શ્રમિકોને વતન મોકલી આપવામાં આવ્યા છે અરવલ્લી જીલ્લા માંથી રાજસ્થાન તરફ પગપાળા જતા લોકોથી રોડ પર વણથંભી યાત્રા જોવા મળતા છેલ્લા ત્રણ દિવસથી લોકડાઉનની સ્થિતિમાં પોલીસતંત્ર અને સેવાભાવી સંસ્થાઓ પાણી,ચા-નાસ્તા અને ફૂડ પેકેટની હૂંફ આપી રહ્યા છે કેટલાક ખાનગી વાહનો ધરાવતા લોકો શ્રમિકોને વ્હારે આવી પોલીસતંત્રના સંકલનમાં શ્રમિકોને રાજસ્થાન પહોંચાડવા મદદરૂપ બન્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ પગપાળા જતા શ્રમિકોની તમામ પ્રકારની મદદ કરી ગત રાત્રીએ ૫ થી વધુ એસટી બસ મારફતે રાજસ્થાન મોકલી આપવામાં આવતા પદયાત્રા કરીને થાકેલા શ્રમિકોએ હાશકારો અનુભવ્યો હતો

પરપ્રાંતીયો વાહનવ્યવહાર થંભી જતા પગપાળા જ પોતાના વતન તરફ પ્રયાણ કર્યું હતું આ લોકો સાથે તેમનો પરિવાર અને બાળકો સાથે ભૂખ્યા-તરસ્યા પગપાળા વતન તરફ જઈ રહ્યા છે. આ લોકોની દયનિય સ્થિતિને જોઈ ગુજરાતના મુખ્યમંત્રીએ તેમના માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવાની ગોઠવણ કરવામાં આવતા મુખ્યમંત્રીની સૂચનાના આધારે વહીવટી તંત્ર હરકતમાં આવી એસટી તંત્રની મદદથી એસટી બસમાં પરપ્રાંતીયોને વતન પહોંચાડવા દોડધામ કરી રહ્યું છે મોડે મોડે જાગેલ રાજ્ય સરકાર સામે પરપ્રાંતીયોએ "દેર આયે દુરસ્ત આયે" કહેવતની જેમ સરાહના કરી હતી



**આજ રોજ તારીખ ૨૮-૦૩-૨૦૨૦નાં રોજ ગાંધીધામ સ્થિત ભારતનગરથી પસાર થતાં લગભગ ૩૦-૩૫ મહિલા પુરૂષ સાથે નાના બાળકોને લઈ રાજસ્થાન,મધ્યપ્રદેશ જતાં મજૂરોને સ્થળાંતર કરતાં અટકાવી તેનાં રહેણાંક સુધી મૂકી ભાડે રહેતાં હોવાથી તેનાં મકાન માલિકને પણ ગરીબ મજુરો પાસે પૈસાની માંગણી ન કરે તેવી બાહેનધરી અપાવી અને માનવ અધિકાર મિશનનાં પ્રેસિડેન્ટ દ્વારા મામલતદારને અને ગાંધીધામ ચેમ્બર્સના સેક્રેટરી અશિષભાઈ જોષી, બાલાજીભાઈની આગેવાની હેઠળ રાશનકીટ વિતરણ કરવાં જણાવ્યું.સાથે સાથે આ દિહાડી ગરીબ મજૂરોને સવાર-સાંજ દરેક પરિવારનાં સભ્યોને નિયમિત રાશન મળી રહે તેવી અશિષભાઈ જોષી, બાલાજીભાઈ અને તેનાં વોલયઈન્ટરોએ નામ ,સરનામા,ફોન નંબર લખી તાત્કાલિક ધોરણે સેવા પૂરી પાડી હતી.ધન્યવાદ ગાંધીધામ અને આદિપુરનાં સૌ કોઈ સેવાકીય, સામાજિક સંગઠનને..પ્રશાંત ભટ્ટ.કચ્છ**

## કોરોના વાયરસ સામે લડવા મુખ્યમંત્રી રાહત ફંડમાં

# થરાદ જૈન સંઘે રૂ. ૨૧ લાખનો ચેક કલેકટરશ્રીને અર્પણ કર્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની કોરોના વાયરસ સામે લડવાના ફંડ માટેની અપીલનો ત્વરિત પ્રતિસાદ આપતા સામાજિક દાયિત્વ રૂપે મુખ્યમંત્રી રાહત નિધિમાં આજે શ્રી ત્રિસ્તૃતીક જૈન સંઘ થરાદ દ્વારા રૂ. ૨૧ લાખનો ચેક બનાસકાંઠા કલેકટરશ્રી સંદીપ સાગલેને અર્પણ કરવામાં આવ્યો હતો. થરાદ જૈન સંઘે બનાસકાંઠા કલેકટરશ્રીના રાહત ફંડમાં પણ રૂ. ૨ લાખનો ચેક અર્પણ કરી કુલ રૂ. ૨૩ લાખની માતબર રકમનું દાન કોરોના નામની મહામારી સામે લડવા આપ્યું છે.



આ પ્રસંગે બનાસકાંઠા કલેકટરશ્રી સંદીપ સાગલેએ દાતાઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, માન. મુખ્યમંત્રીશ્રીની અપીલ બાદ બનાસકાંઠા જિલ્લાના ભામાશાઓ દાનની સરવાણીનો ધોધ વહાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, શ્રી ત્રિસ્તૃતીક જૈન સંઘ થરાદ દ્વારા રૂ. ૨૧ લાખ અને નિવૃત્ત અધિકારીશ્રી એન. કે. રાઠોડ તથા પાલનપુરના જાણિતા ડૉ.એસ.કે.મેવાડાએ રૂ. ૧-૧ લાખના ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં આપ્યાક છે. શ્રી થરાદ જૈન સંઘે કલેકટરશ્રીના ડિસ્ટ્રીક્ટ રાહત ફંડમાં પણ રૂ. ૨ લાખનું દાન આપ્યું છે. આ તમામ દાતાઓને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર તરફથી ધન્યવાદ પાઠવું છું.

ગચ્છાધિપતિ જૈન મહારાજની પ્રેરણાથી માનવજાત પર આવી પડેલી આફતમાં દાન આપવાનો નિર્ણય થરાદ જૈન સંઘના પ્રમુખશ્રી નરસિંહભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને લેવાયો હતો. તે પ્રમાણે મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ. ૨૧ લાખ અને જિલ્લા કલેકટરના રાહત ફંડમાં રૂ. ૨ લાખનો ચેક આપ્યોણ છે. આ આપત્તિના સમયે થરાદ જૈન સંઘ સરકારની પડખે રહી લોકોની સેવા કરવા તત્પર છે તેમ થરાદ જૈન સંઘના શ્રી જયંતિભાઈ વકીલે જણાવ્યું હતું. આ પ્રસંગે શ્રી વસંતભાઈ દોશી, શ્રી મુક્તિલાલ પરીખ, શ્રી ભાવેશ અદાણી સહિત થરાદ જૈન અગ્રણીઓ, ધારાસભ્યશ્રી શશીકાંતભાઈ પંડ્યા, નિવાસી અધિક કલેકટરશ્રી એલ.બી.બાંભણીયા ઉપસ્થિત રહ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી રાહત નિધિમાં આપવામાં આવતું આ દાન આવકવેરાની કલમ ૮૦ જી અન્વયે કરમુક્ત છે.



**જાણીતા ભાગવત કથાકાર પૂજ્ય જિજ્ઞેશ દાદા - રાધે રાધે એ આજે નરેન્દ્ર મોડી ના ભાઈ પંકજ મોદીજી ને સાથે રાખી મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રુપાણીની મુલાકાત લઈ કોરોના વાયરસ સામે લડવા મુખ્ય મંત્રી રાહત નિધિમાં રૂપિયા ૫,૫૫,૫૫૫/૦૦ નો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે જિજ્ઞેશ દાદાએ મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રુપાણીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં કોરોના વાયરસ સામે જનતાના આરોગ્યની કાળજી માટે લેવાયેલ પગલાં ની પ્રશંસા કરી હતી અને જનતાને અપીલ કરી હતી કે તે ઘર બહાર બિલકુલ નીકળે નહી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી અને મુખ્યમંત્રા શ્રી વિજયભાઈ રુપાણી ની અપીલનું પાલન કરે .**

# દાહોદ જિલ્લાના તમામ સસ્તા અનાજના દુકાનદારો વિનામૂલ્યે જથ્થો આપશે.FPS પ્રમુખ

સમગ્ર દેશમાં વકરી રહેલી કોરોના વાઈરસની ગંભીર બીમારીને કારણે લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે.ગુજરાત સરકાર દ્વારા ગરીબ વર્ગના લોકોને એક મહિનાનું રાશન રાજ્ય સરકારે વિનામૂલ્યે આપવાનો નિર્ણય કર્યો છે. આ માટે દાહોદ જિલ્લા ફેર પ્રાઈસ શોપ એસોસિએશનના પ્રમુખ ઉદેસિંહ લબાના દ્વારા દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં રેશનકાર્ડ ધારકોને મળવા પાત્ર જથ્થો વિનામૂલ્યે આપવા માટે દરેક સસ્તા અનાજના દુકાનદારો ને તાકીદ કરવામાં આવી છે. દાહોદ જિલ્લાના દરેક તાલુકાના ફેર પ્રાઈસ શોપ એસોસિયેશનના પ્રમુખોમાં લીમખેડાના બુરહાન રાવત ભૂપેશભાઈ પટેલ બારીયાના આસિફભાઈ મન્સૂરી ફતેપુરા કચરૂભાઈ પ્રજાપતિ સંજેલીના મહેન્દ્રભાઈ પલાસ દાહોદના ભરતભાઈ ખપેડ ભરતભાઈ મકવાણા ઝાલોદના રમેશભાઈ બારીયા મહેન્દ્રભાઈ ધાનપુરના સાકીર રાવત ગરબાડાના જીતુભાઈ પંચાલ સહિતના તમામ તાલુકાના પ્રમુખોને જિલ્લા ફેર પ્રાઈઝ શોપ એસોસિયેશનના પ્રમુખ ઉદેસિહ લબાનાં એ ટેલીફોનિક સૂચનાથી જણાવ્યું હતું કે દાહોદ જિલ્લામાં આવેલા કોઈપણ રેશનકાર્ડ ધારકને સરકાર દ્વારા જાહેર કરાયેલા વિનામૂલ્યે રાશનના જથ્થાથી વંચિત રહે નહિ તેની ખાસ કાળજી રાખવી.

ઉદેસિંહ લબાના પ્રમુખ દાહોદ જિલ્લા ફેર પ્રાઈઝ શોપ એસોસિયેશન .




**ICICI Foundation અને પશુપાલન વિભાગ, ગાંધીનગર, ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તા-૨૦/૩/૨૦૨૦ શનિવારના રોજ ' વીરા તલાવડી' મુકામે ×ખાસ રસીકરણ× કાર્યક્રમ યોજાવા માં આવ્યો.તેમા ICICI Foundation દ્વારા ૧૦ લોકોને 'બકરી પાલન'ની તાલીમ આપવામાં આવી હતી તે અંતર્ગત ૨૫૦ બકરીઓને રસીકરણ કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં પશુધન નિરીક્ષક અધિકારી તથા ICICI Foundationના અધિકારી હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો.**

# અરવલ્લી જિલ્લામાં ૨૦૭૨ વિતરકોને પાસ ઈશ્યૂ કરાયા

નોવેલ કોરોના વાયરસ સંક્રમણને રોકવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૧ દિવસનું લોક ડાઉન જાહેર કરાયું છે. ત્યારે આવા કપરા સમયે લોકોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ઘરે બેઠા જ મળી રહે તે માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં સમગ્ર જિલ્લામાં ૨૦૭૨ વિતરકોને પાસ ઈશ્યૂ કરવામાં આવ્યા હતા.

અરવલ્લી જિલ્લાવાસીઓને ઘરે બેઠા જ દૂધ, શાકભાજી અને કરીયાણાની ચીજવસ્તુઓ મળી રહે તે માટે વિતરકોને લોકોના ઘર સુધી પંહોચવામાં સરળતા રહે તે માટે પાસ આપવાની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં ૧૩૯ દૂધ વિતરકો, ૧૦૩ મેડિકલ સ્ટોર્સ, ૬૪૦ કરીયાણા ચીજવસ્તુઓના વિતરક, ૩૨ ઈ-કોમર્સ સેવા સાથે સંકળાયેલા લોકો ઉપરાંત પેટ્રોલ, ગેસના સપ્લાર્યસના ૨૯૪ તેમજ ૮૫૪ અન્ય સેવા સાથે સંકળાયેલા વિતરકોને મળી કુલ ૨૦૭૨ વિક્રેતાઓને પાસ ઈશ્યૂ કરવામાં આવતા લોકોન ઝડપથી ધરે બેઠા સુવિધા મળી રહેશે.

નોવેલ કોરોના વાયરસ સંક્રમણને રોકવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૧ દિવસનું લોક ડાઉન જાહેર કરાયું છે. ત્યારે આવા કપરા સમયે લોકોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ઘરે બેઠા જ મળી રહે તે માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં સમગ્ર જિલ્લામાં ૨૦૭૨ વિતરકોને પાસ ઈશ્યૂ કરવામાં આવ્યા હતા.

અરવલ્લી જિલ્લાવાસીઓને ઘરે બેઠા જ દૂધ, શાકભાજી અને કરીયાણાની ચીજવસ્તુઓ મળી રહે તે માટે વિતરકોને લોકોના ઘર સુધી પંહોચવામાં સરળતા રહે તે માટે પાસ આપવાની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં ૧૩૯ દૂધ વિતરકો, ૧૦૩ મેડિકલ સ્ટોર્સ, ૬૪૦ કરીયાણા ચીજવસ્તુઓના વિતરક, ૩૨ ઈ-કોમર્સ સેવા સાથે સંકળાયેલા લોકો ઉપરાંત પેટ્રોલ, ગેસના સપ્લાર્યસના ૨૯૪ તેમજ ૮૫૪ અન્ય સેવા સાથે સંકળાયેલા વિતરકોને મળી કુલ ૨૦૭૨ વિક્રેતાઓને પાસ ઈશ્યૂ કરવામાં આવતા લોકોન ઝડપથી ધરે બેઠા સુવિધા મળી રહેશે.

# ભિલોડાના વાંકાનેર ગ્રામ પંચાયત મકાનમાંથી તલાટી ની ગળે ફાસો ખાધેલી હાલતમાં લાશ મળી

અરવલ્લી બ્યુરો મોડાસા

ભિલોડા તાલુકાના ઓડ ગામના અને ભેટાલી ગ્રામ પંચાયત માં નિયમિત અને વાંકાનેર ગ્રામ પંચાયત માં ચાર્જ ધરાવતા તલાટી ની વાંકાનેર પંચાયત ઘરમાં પાંખે દોરી થી ગળે ફાસો ખાધેલી હાલતમાં લાશ મળતા ચકચાર મચી હતી.મૃતક તલાટીના પરિવારજનો અને સમાજના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવી ભિલોડા તાલુકા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા એટીડીઓ રાકેશ પટેલે ગ્રામ પંચાયતમાં જ તલાટીની હત્યા કરી હોવાનો આક્ષેપ કરતા ભારે સનસનાટી મચી હતી પરિવારજનોએ એટીડીઓ રાકેશ પટેલ સામે ગુન્હો ન નોંધાય ત્યાં સુધી લાશ સ્વીકારવાનો ઈન્કાર કરતા ભિલોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.કે. રાજપૂતે પરિવારજનો સાથે સમજાવટ કરી મૃતક તલાટી ના ખિસ્સા માંથી મળી આવેલ સુસાઈડ નોટ કબ્જે લઈ મૃતક તલાટીની લાશને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી તલાટીની હત્યા કે આત્મહત્યા અંગે કોકડું ગૂંચવાયું છે

ભિલોડા તાલુકાના ઓડ ગામના અને ભેટાલી ગ્રામ પંચાયત માં નિયમિત અને વાંકાનેર ગ્રામ પંચાયત માં ચાર્જ ધરાવતા તલાટી મહેન્દ્રભાઈ જીવાજી અસારી ની વાંકાનેર પંચાયત ઘરમાં પાંખે દોરી થી ગળે ફાસો ખાધેલી હાલતમાં લાશ મળતા ચકચાર મચી હતી.મૃતક તલાટી ના ખિસ્સા માંથી સુસાઈડ નોટ મળતા આત્મહત્યા કે હત્યા થઈ હોવાનું રહસ્ય ઘૂંટાયું હતું તલાટી ના પરિવારજનોએ ભિલોડા તાલુકા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા એટીડીઓ રાકેશ પટેલ (રહે,ટંકાટૂંકા) એ હત્યા કરી તલાટીની લાશને પંખા પર લટકાવી બહારથી ગ્રામપંચાયતનો દરવાજો બંધ કરી ફરાર થઈ ગયો હોવાનો આક્ષેપ કર્યો હતો.અને એટીડીઓ સામે હત્યાનો ગુન્હો નોંધવામાં આવેની માંગ સાથે અડગ રહેતા મૃતક તલાટીની લાશ સ્વીકારવાનો નનૈયો ભણતા ભિલોડા પોલીસે આખરે મૃતક તલાટીની પત્ની કૈલાશબેન મહિન્દ્રભાઈ અસારી ની ફરિયાદના આધારે તાલુકા પંચાયત ભિલોડામાં એટીડીઓ તરીકે ફરજ બજાવતા રાકેશ પટેલ (રહે,ટાકાટૂંકા, ભિલોડા) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૦૨ તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મૃતક તલાટી મહેન્દ્રભાઈ અસારી એ લખેલી સુસાઈટ નોટ માં જણાવ્યું હતું કે મેં મારી પોતાની જાતે આત્મહત્યા કરી છે અને સરકારી કામનું ભારણ વધુ આપતા મેં આત્મહયા કરી છે આમા મારા પરિવારજનોનો કોઈ હાથ નથી.અને પોલિસ ને એક મૃતકની ખાનગી ડાયરી પણ હાથ લાગી છે હવે તે અંગે પોલિસ પુરાવાને ફોરેન્સિક માં મોકલી આપી હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.